" બુધવારની સાપ્તાહિક પૂર્તિ "
ઉત્સવ
# સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-251 | AD-2026, Jeth Sud -03 | Wednesday, Dt. 17-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

ફ્રાન્સમાં યોજાનારી આ સમિટમાં માત્ર કાયમી સભ્યો જ નહીં, પરંતુ ભારત, બ્રાઝિલ, ઇજિપ્ત અને કેન્યા જેવા મહત્વના ભાગીદાર દેશો પણ સામેલ થયા

# કેનેડાના પીએમ માર્ક કાર્નેએ G-7 માં ભારતની હાજરીને નવી વૈશ્વિક વ્યવસ્થાનું પ્રતીક ગણાવ્યું

પેરિસ,તા.૧૬

વિશ્વના સૌથી શક્તિશાળી દેશોના જૂથ 'G-7' પ્લેટફોર્મ પર કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ ભારતની વધતી વૈશ્વિક તાકાતનો મુક્ત મને સ્વીકાર કર્યો છે. યુરોપના છ દિવસના પ્રવાસ દરમિયાન ટ્રિનિટી કોલેજ ડબલિન ખાતે બોલતા માર્ક કાર્નેએ જણાવ્યું હતું કે, ફ્રાન્સના એવિયનમાં યોજાનારી ૫૨મી G-7 સમિટમાં ભારતની ભાગીદારી બદલાતી વૈશ્વિક વ્યવસ્થા અને દિલ્હીની મજબૂત સ્થિતિને પ્રતિબિંબિત કરે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, ભલે એક સમયે G-7 દેશો વિશ્વ ચલાવતા હતા, પરંતુ હવે આ આખું જૂથ આંતરરાષ્ટ્રીય બાબતો પર એકહથ્થુ પ્રભુત્વ મેળવવાનો ઢોંગ ન કરી શકે. વર્તમાન વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે પરંપરાગત સભ્યપદથી આગળ વધીને વ્યાપક આંતરરાષ્ટ્રીય સહયોગ અને ભારત જેવા દેશોના વિવિધ દ્રષ્ટિકોણની અનિવાર્ય જરૂરિયાત છે.આ વર્ષે ફ્રાન્સમાં યોજાનારી આ સમિટમાં માત્ર કાયમી સભ્યો જ નહીં, પરંતુ ભારત, બ્રાઝિલ, ઈજિપ્ત અને કેન્યા જેવા મહત્વના ભાગીદાર દેશો પણ સામેલ થશે. આ સમિટમાં વૈશ્વિક આર્થિક સ્થિરતા, ઊર્જા, આરોગ્ય સુરક્ષા, રશિયા-યુક્રેન અને મધ્ય પૂર્વના સંઘર્ષો તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના નિયમન જેવા ગંભીર મુદ્દાઓ પર મુખ્ય ચર્ચા થવાની અપેક્ષા છે. આ પરિષદમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોની અને બ્રિટિશ પીએમ કીર



સ્ટારમર સહિતના અગ્રણી નેતાઓ પણ હાજરી આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સ્લોવાકિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ ઓર્ડર ઓફ ધ વ્હાઈટ ડબલ ક્રોસ (ફર્સ્ટ ક્લાસ)'થી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમને રાજધાની બ્રાતિસ્લાવામાં સન્માનિત કરવામાં આવ્યા હતા. પીએમ મોદી અહીં બે દિવસના પ્રવાસે આવ્યા હતા. સન્માન મળવા પર પીએમ મોદીએ X પોસ્ટમાં લખ્યું - તેઓ આ માટે સ્લોવાકિયાની સરકાર અને ત્યાંના લોકોના આભારી છે. આ સન્માન ભારતના ૧૪૦ કરોડ લોકોનું છે અને તેને ભારત-સ્લોવાકિયાની મજબૂત અને સ્થાયી મિત્રતાને સમર્પિત કરે છે.

## પીએમ મોદી ૧૬ મહિના બાદ ડોનાલ્ડ ટ્રમ્પને મળ્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી G7 શિખર સંમેલનમાં ભાગ લેવા માટે મંગળવારે ફ્રાન્સના એવિયન પહોંચ્યા. આ દરમિયાન ગ્રુપ ઓફ સેવન દેશોના પ્રમુખો અને મહેમાન દેશોના રાષ્ટ્રાધ્યક્ષોની બેઠક યોજાઈ. જેમાં પીએમ મોદી અને યુએસ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત થઈ હતી. ટ્રમ્પ અને મોદીએ લગભગ ૫ મિનિટ સુધી વાત કરી. મીટિંગમાં બંને એકસાથે બેઠેલા જોવા મળ્યા. ૧૬ મહિના પછી મોદી અને ટ્રમ્પની મુલાકાત થઈ. આ પહેલા બંનેની છેલ્લી મુલાકાત ફેબ્રુઆરી ૨૦૨૫માં વ્હાઈટ હાઉસમાં થઈ હતી. બંને નેતાઓ આવતીકાલે સાંજે ૬:૩૦ વાગ્યે ટ્રેડ ડીલ પર ચર્ચા કરી શકે છે. મોદી અને ટ્રમ્પ વચ્ચે ભારત-અમેરિકા ટ્રેડ ડીલ, ટેરિફ, રોકાણ અને વ્યૂહાત્મક ભાગીદારી સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે. બંને દેશો વચ્ચે લાંબા સમયથી પ્રસ્તાવિત વ્યાપાર કરાર પર પણ વાતચીત થવાની સંભાવના છે.

# દુશ્મન દેશો દ્વારા ડ્રોન હુમલાને લઈ કેન્દ્ર સરકાર દ્વારા ચેતવણી જાહેર

નવી દિલ્હી,તા.૧૬

દેશની જમીની અને દરિયાઈ સરહદો પર દુશ્મન દેશો દ્વારા સંભવિત ડ્રોન હુમલાની ચેતવણીને પગલે કેન્દ્ર સરકાર એક્શનમાં આવી છે. 'ધ હિન્દુ'ના અહેવાલ મુજબ, જહાજ અને જળમાર્ગ મંત્રાલયે એલર્ટ જાહેર કર્યા બાદ ગૃહ મંત્રાલયે બીએસએફ (BSF) હેઠળ એક વિશેષ કમિટીની રચના કરી છે. આ કમિટી દેશ માટે સૌથી આધુનિક અને શ્રેષ્ઠ એન્ટી-ડ્રોન સિસ્ટમની



તપાસ કરી તેને મંજૂરી આપશે. પાકિસ્તાન સરહદ નજીક પંજાબના સંવેદનશીલ વિસ્તારોમાં આ સિસ્ટમ લગાવવાના ટ્રાયલ પણ શરૂ કરી દેવાયા છે. આ ઉપરાંત સીઆઈએસએફ (CISF), ડીઆરડીઓ (DRDO), આઈબી (IB) અને એએઆઈ (AAI) ના ઉચ્ચ અધિકારીઓની એક સંયુક્ત ટીમ દેશના મહત્વના સ્થળોની મુલાકાત લઈ રહી છે. આ કવાયત વચ્ચે તમિલનાડુના થૂથુકુડીમાં આવેલું વી.ઓ. ચિદમ્બરનાર પોર્ટ ફેબ્રુઆરી ૨૦૨૬માં એડવાન્સ એન્ટી-ડ્રોન સિસ્ટમ લગાવનારો દેશનો સૌપ્રથમ બંદરગાહ બન્યો છે. આ પ્રોજેક્ટ માટે 'સેન્ટ્રલ ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ' સાથે કરાર કરાયો છે, જે રેડાર ટેક્નોલોજીની મદદથી શંકાસ્પદ ડ્રોનને હવામાં જ નિષ્ક્રિય કરી દેશે.

# ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના કફ સિરપના વેચાણ કરવા પર કેન્દ્ર સરકારનો પ્રતિબંધ

### નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ કડક કાર્યવાહીના નિર્દેશ

નવી દિલ્હી,તા.૧૬

દેશમાં કફ સિરપના બેફામ વેચાણ, ભેળસેળ અને ઓવર-ધ-કાઉન્ટર સીરપના કારણે થતા નુકસાનને રોકવા માટે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે મોટો નિર્ણય લીધો છે. સરકારના નવા જાહેરનામા અનુસાર, હવેથી ડૉક્ટરના



લેખિત પ્રિસ્ક્રિપ્શન વિના કોઈપણ મેડિકલ સ્ટોર પરથી કફ સિરપ સહિતના તમામ પ્રકારના સીરપ ખરીદી શકાશે નહીં. આ માટે સરકારે શેડ્યૂલ K ના નિયમોમાં સુધારો કરીને 'સીરપ' શબ્દને તેમાંથી દૂર કર્યો છે. આ નવા નિયમોને 'ડ્રગ્સ (પાંચમો સુધારો) નિયમો, ૨૦૨૬' તરીકે ઓળખવામાં આવશે.

તાજેતરમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કફ સિરપના કારણે બાળકોના મૃત્યુના ગંભીર કિસ્સાઓ સામે આવ્યા બાદ આ કડક નિર્ણય લેવાયો છે. આરોગ્ય સચિવ પુણ્ય સલિલા શ્રીવાસ્તવની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ૨૦૦થી વધુ અધિકારીઓ હાજર રહ્યા હતા. નિયમોનું ઉલ્લંઘન કરનારા મેડિકલ સ્ટોર્સ અને ગાઈડલાઈનનું પાલન ન કરનારી દવા ફેક્ટરીઓના લાયસન્સ તાત્કાલિક અસરથી રદ કરવા માટે રાજ્યોને કડક સૂચના આપવામાં આવી છે.





# NEET પુનઃપરીક્ષાને પગલે સરકારનો મોટો નિર્ણય : ટેલિગ્રામ પર ૨૨ જૂન સુધી પ્રતિબંધ

નવી દિલ્હી,તા.૧૬

૩ મે, ૨૦૨૬ ના રોજ લેવાયેલી નીટ (NEET-UG) પરીક્ષા પેપર લીક થવાને કારણે રદ કરાયા બાદ, હવે ૨૧ જૂનના રોજ દેશભરમાં ફરીથી આ પરીક્ષા યોજાવા જઈ રહી છે. આ વખતે પેપર લીક અને છેતરપિંડી રોકવા સરકારે કડક પગલાં લીધાં છે, જેના ભાગરૂપે ભારતમાં ૨૨ જૂન સુધી ટેલિગ્રામ પ્લેટફોર્મ પર કામચલાઉ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ ઉપરાંત, ૩૦ જૂન સુધી ટેલિગ્રામની 'મેસેજ એડિટ'કરવાની સુવિધા પણ અક્ષમ કરાઈ છે, જેથી



પુરાવા સાથે છેડછાડ ન થઈ શકે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ આ સમયસરના નિર્ણયને આવકાર્યો છે. બીજી તરફ, ૨૨ લાખ વિદ્યાર્થીઓની આ પુનઃપરીક્ષાના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે, જેની સુનાવણી ૧૭ જૂને ચીફ જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચ સમક્ષ હાથ ધરાશે.






# સાબરમતી-વેરાવળ વંદે ભારત ટ્રેનના નવા રૂટમાં ચિત્તલને સ્ટોપેજ અપાવવા સાંસદને રજૂઆત


અમરેલી, તા.૧૬

અમરેલી મિશન બ્રોડગેજના પ્રમુખ રાજેશ ગાંધીએ સાંસદને પત્ર લખી સાબરમતી-વેરાવળ વંદે ભારત ટ્રેનના નવા રૂટમાં ચિત્તલને સ્ટોપેજ અપાવવા રજૂઆત કરી છે. રેલવે દ્વારા આ ટ્રેન હવે રાજકોટના બદલે ધોળકા, બોટાદ, ઢસા અને જૂનાગઢ થઈને ચલાવવાનું આયોજન છે, જે સૌરાષ્ટ્ર માટે આવકારદાયક છે. અમરેલી મુખ્ય લાઈનથી વંચિત હોવાથી માત્ર ૧૭ કિલોમીટર દૂર આવેલું ચિત્તલ સ્ટેશન શહેર માટે મુખ્ય સ્ટોપ સાબિત થઈ શકે તેમ છે. અમરેલીથી રોજ હજારો વેપારીઓ, રત્નકલાકારો, વિદ્યાર્થીઓ અને દર્દીઓ અમદાવાદ તરફ અવરજવર કરે છે. ચિત્તલ ખાતે સ્ટોપ મળવાથી જનતાને સીધી, ઝડપી અને સુરક્ષિત રેલ સુવિધા મળશે. આ નિર્ણયથી અમરેલીના અર્થતંત્ર, હીરા ઉદ્યોગ અને રોજગારને મોટો વેગ મળશે તેમજ મધ્યમવર્ગીય મુસાફરોને લાંબી બસ મુસાફરીના થાક અને આર્થિક બોજમાંથી મોટી રાહત મળશે.

**રખડતા ઢોરને કાબુમાં લેવા હાઈકોર્ટનો આદેશ હોવાછતાં પાલિકા નિષ્ક્રીય**

# બગસરામાં રખડતા ઢોરના મુદ્દો આવતા જ સદસ્યોમાં આંતરિક મતભેદ

બગસરા, તા. ૧૬



બગસરા નગરપાલિકાની આજે સામાન્ય સભા યોજાવાની છે ત્યારે પ્રિ મીટીંગમાં પાલિકા સદસ્યોએ સામાન્ય સભા અંગે ચર્ચા કરી હતી. જો કે અમુક સદસ્યએ રખડતા ઢોરનો મુદ્દો રજૂ કરતા અન્ય સદસ્યોએ રખડતા ઢોરનો વિરોધ કરતા સદસ્યો વચ્ચે આંતરિક મતભેદ સપાટી પર આવ્યો છે. આજે મળનારી સામાન્ય સભા પૂર્વે પાલિકા સદસ્યોની બેઠક મળી હતી. જેમાં પ્રમુખ સ્થાનેથી ક્યા મુદ્દા લેવા સહિતની ચર્ચા કરવામાં આવી હતી જેમાં શહેરનો માથાના દુઃખાવારૂપ રખડતા ઢોરનો મુદ્દો અમુક સદસ્યોએ ઉઠાવ્યો હતો. જો કે રખડતા ઢોરનો મુદ્દો આવતા અન્ય સદસ્યોએ વિરોધ કરી રખડતા ઢોરનો મુદ્દો સાઈડલાઈન કરવાનું સૂચન કર્યુ હતુ. રખડતા ઢોર મુદ્દે હાઈકોર્ટે પણ લાલઆંખ કરી છે ત્યારે સદસ્યો હાઈકોર્ટની ગાઈડલાઈન પણ ઘોળીને પી ગયા છે. શહેરના દરેક વિસ્તારમાં આખલાઓ શીંગડા ભરાવતા નજરે પડે છે. આ અંગે રહીશોએ જણાવ્યું હતું કે, આખલાઓની લડાઈમાં રાહદારીઓ ભય અનુભવે છે અને આખલાઓને કારણે અનેક વાહનોના કચ્ચરઘાણ નિકળી જાય છે. આવી સ્થિતિ હોવાછતાં પાલિકા નકકર કામગીરી કરવાને બદલે સામાન્ય સભામાં આ મુદ્દાને જ લેવા માંગતા ન હોવાનુ આધારભુત સુત્રોમાંથી જાણવા મળ્યુ છે. શહેરમાં ઢોરના હડફેટે કોઈ માનવમૃત્યુ થાય તે પહેલા રખડતા ઢોર બાબતે નગરપાલિકા યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ ઉઠવા પામી છે.

# રાજુલા-જાફરાબાદમાં પશુપાલન વિભાગની ગંભીર બેદરકારીથી રોષ

જાફરાબાદ, તા.૧૬

રાજુલા અને જાફરાબાદ તાલુકામાં ૬૦ હજારથી વધુ પશુધન હોવા છતાં પશુપાલન વિભાગની કામગીરી અનેક પ્રશ્નો વચ્ચે ઘેરાઈ છે. વર્ષોથી પશુધન નિરીક્ષકોની છ જગ્યાઓ ખાલી હોવાથી ખેડૂતો અને માલધારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સ્ટાફની અછતના કારણે એક પશુધન નિરીક્ષકને સામાન્ય રીતે દસ ગામોની જવાબદારી હોવી જોઈએ, પરંતુ હાલમાં એક-એક નિરીક્ષકને વીસ જેટલા ગામો સંભાળવા પડે છે. પરિણામે રસીકરણ અને અન્ય જરૂરી સેવાઓ સમયસર મળી શકતી નથી.પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે પશુધન નિરીક્ષકોને પોતાના ખર્ચે વાહન વ્યવસ્થા કરીને ગામડાઓમાં જવું પડે છે. બીજી તરફ અનેક સ્થળોએ નિરીક્ષકો માટે યોગ્ય ઓફિસની પણ સુવિધા ઉપલબ્ધ નથી. ડુંગર ખાતે પશુચિકિત્સા કેન્દ્ર ભાડાના મકાનમાં ચાલે છે, જ્યારે અધિકારીઓ માટે ફાળવાયેલી જૂની ઓફિસ જર્જરિત હાલતમાં છે. ખેડૂતોને જરૂરી સમયે નિરીક્ષકોનો સંપર્ક કરવામાં પણ મુશ્કેલી પડે છે.નિરીક્ષકોની અછતનો લાભ લઈને કેટલાક ગોપાલ મિત્રો સારવારના ક્ષેત્રમાં પ્રવેશી ગયા હોવાના આક્ષેપો ઉઠ્યા છે. ગોપાલ મિત્રોને માત્ર કૃત્રિમ બીજદાન અને રસીકરણની મર્યાદિત તાલીમ આપવામાં આવે છે, છતાં કેટલાક લોકો પશુઓને ઈન્જેક્શન અને દવાઓ આપતા હોવાનું કહેવાય છે. આ કારણે પશુઓના આરોગ્ય પર જોખમ ઊભું થઈ રહ્યું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. માલધારી સમાજ અને ખેડૂતો દ્વારા ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવા, ડિગ્રી વગર સારવાર કરતા લોકો સામે કડક કાર્યવાહી કરવા તેમજ ડુંગરમાં નવું પશુ દવાખાનું શરૂ કરવાની માંગ ઉઠી છે. સાથે જ રાજુલા અથવા નાગેશ્રી વિસ્તારમાં વધારાનું પશુ દવાખાનું ફાળવવાની પણ રજૂઆત કરવામાં આવી છે.

# લાઠીના ટોડા ગામે અવેડા પાસે પાણીની ટાંકી નીચે પત્તા ટીચતાં ૪ જુગારી ઝડપાયા

લાઠી, તા. ૧૬

લાઠીના ટોડા ગામે અવેડા પાસે પાણીની ટાંકી નીચે પત્તા ટીચતાં ૪ ઝડપાયા હતા. રજનીશભાઈ નરશીભાઈ ઝાપડીયા, હીતેષભાઈ ગોબરભાઈ ઝાપડીયા, રામજીભાઈ ટપુભાઈ વાઘેલા અને રાહુલભાઈ રમેશભાઈ સોલંકી નાઓ જાહેરમાં ગંજી-પત્તાના પાના તેમજ પૈસાથી 'તીન પત્તી' નામનો હાર-જીતનો જુગાર રમતા રેઈડ દરમ્યાન ગંજી-પત્તાના પાના તથા રોકડા રૂપિયા ૪૪૮૦ સાથે પકડાયા હતા. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.પી. ડોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.




# મૈત્રી કરારનો ખાર રાખી અમરેલીમાં યુવક પર પાઈપ-લાકડી વડે જીવલેણ હુમલો

**નંબર પ્લેટ વગરની કારમાં આવ્યા અને રસ્તો રોકીને તૂટી પડ્યા**

અમરેલી, તા.૧૬

અમરેલીમાં મૈત્રી કરારની અદાવતમાં એક યુવક પર પૂર્વઆયોજિત કાવતરું રચીને જાનથી મારી નાખવાના ઈરાદે ઘાતકી હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી હતી. પત્નીએ અન્ય યુવક સાથે મૈત્રી કરાર કરી લીધા હોવાનું મનદુઃખ રાખીને પતિ અને તેના ત્રણ સાથીદારોએ રસ્તામાં મોટરસાઈકલ આંતરી યુવકને લોખંડના પાઈપ અને લાકડીઓ વડે બેરહેમીથી માર માર્યો હતો. બનાવ સંદર્ભે અમરેલીમાં રહેતા આકાશભાઈ કમલેશભાઈ ત્રિવેદી (ઉ.વ.૨૯)એ બોટાદના અરવિંદભાઈ કરશનભાઈ ગોદાવરીયા તથા અન્ય ત્રણ ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે અરવિંદભાઈ ગોદાવરીયાની પત્ની સાથે મૈત્રી કરાર કર્યા હતા. આ બાબતનો ખાર રાખીને આરોપી અવારનવાર ફરિયાદીને ફોન પર ધમકીઓ આપતો હતો. દરમિયાન, પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે મુખ્ય આરોપી અને તેના અન્ય ત્રણ સાથીદારોએ પૂર્વઆયોજિત કાવતરું ઘડ્યું હતું. તે જ્યારે પોતાની મોટરસાઈકલ લઈને જઈ રહ્યો હતો, ત્યારે ચારેય આરોપીઓ નંબર પ્લેટ વગરની કાર લઈને આવ્યા હતા. આરોપીઓએ તેમની બાઈક આડે પોતાની કાર ઊભી રાખી દઈ તેમનો રસ્તો રોક્યો હતો. કારમાંથી ચારેય આરોપીઓ લોખંડના પાઈપ અને લાકડીઓ જેવા હથિયારો સાથે નીચે ઉતર્યા હતા અને તેના પર તૂટી પડ્યા હતા. આરોપીઓએ સમાન ઈરાદો પાર પાડવા લાકડી તથા પાઈપ વડે માર મારી જીવલેણ ગંભીર ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.એમ. ઝાલા વધુ તપાસ કરી રહ્યા છે.










## વેચાણ અંગેનું જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર મનોજભાઈ એન. દવે. એડવોકેટ એન્ડ નોટરી ઓફિસ:"દેવ કોર્પોરેટ" બસ સ્ટેન્ડ પાસે, લીલીયા મોટા, જી.અમરેલી, મો.૯૪૨૬૭ ૧૬૪૨૫, આથી જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

રજીસ્ટેશન ડ્રિસ્ટ્રીકટ અમરેલી સબ ડ્રિસ્ટ્રીકટ સાવરકુંડલા તાલુકાના મોજે ગામ જુના સવાર ખાતા નં.૯૬૫ કે જેના સર્વે નં.૧૫૪ પૈકી ૨ તથા ૧૫૪ પૈકી ૩, ૧૫૪ પૈકી ૫ કુલ હે.આરે.ચો.મી.૪-૧૬-૮૪, ની જુની શરતની ખેતીની જમીન તેના રેવન્યુ રેકર્ડ મુજબ ના ખાતેદાર (૧) જયાબેન ધરમણભાઈ જીલડીયા વિ., રહે.જુના સાવરની સ્વતંત્ર માલીકીની કબ્જા ભોગવટાની તે અમો એ અમારા અસીલ દિલીપભાઈ નાનજીભાઈ ડોબરીયા રહે. બાંભણીયા, તા.જી.અમરેલી અને ટાઈટલ કલીયરસર્ટી અમારી પાસેથી માંગણી કરેલ છે. તો સદરહું જમીન ઉપર કોઈપણ પ્રકારનો લાગભાગ હક હિત, હિસ્સોદાવો બોજો કે બાનાખતપાવર, બાના ચિઠી કબ્જા હક તેમજ વાંધો કે તકરાર હોય તો દિન -૭(સાત)માં તે બદલના પુરાવાની સર્ટીફાઈડની નકલો સહીત લેખીતમાં રજીસ્ટર પોસ્ટ એડીથી અમો એડવોકેટ ને જાણ કરવી અને જો તેમ કરવા કસુર કરવામાં આવશે તો તેવા તમામ હક અધિકાર જતા યાને વેવ થયા છે તેમ સમજી મુદત વિતે દસ્તાવેજ કરી ટાઈટલ કલીયર સર્ટી આપીશુ ત્યારબાદ કોઈપણ જાત નો વાંધો કે તકરાર ચાલશે નહી તેની ગંભીર નોંધ લેશુ.

લી.આપનો વિશ્વાસુ.
સહી,...

સરનામુ- દેવ કોર્પોરેટ બસ સ્ટેન્ડ પાસે,
લીલીયા મોટા -૩૬૫૫૩૫
મો.૯૪૨૬૭ ૧૬૪૨૫ તથા ૬૩૫૧૦ ૪૧૮૮૬

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.185/2026
જન્મ તારીખ : 18/04/2005

શ્રી ચુડાસમા ભુપતભાઈ હમિરભાઈ,
રહે.જમનવાડા, ગામ-જમનવાડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-જમનવાડા, તા. કોડીનાર, કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ચુડાસમા ભુપતભાઈ હમિરભાઈ, રહે.જમનવાડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી શ્રી ચુડાસમા ભુપતભાઈ હમિરભાઈ તથા શ્રી ચુડાસમા હિરાબેન ભુપતભાઈ ના પુત્ર ચુડાસમા હિરેનભાઈ ભુપતભાઈનો જન્મ તારીખ.18/04/2005 ના રોજ કોડીનાર તાલુકાના જમનવાડા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.200/2026
જન્મ તારીખ : 01/06/1975

શેખ છોટુભાઈ ઈબ્રાહીમભાઈ,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી,કોડીનાર,
નગરપાલીકા, કોડીનાર, તા. કોડીનાર,કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શેખ છોટુભાઈ ઈબ્રાહીમભાઈ, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર,જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી શેખ છોટુભાઈ ઈબ્રાહીમભાઈ તથા શેખ ફાતમાબેન છોટુભાઈ ના પુત્ર સિકંદર છોટુભાઈ શેખનો જન્મ તારીખ.01/06/1975 ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.152/2026
જન્મ તારીખ : 30/04/1999

શ્રી જ્યોત્સનાબેન જેંસીગભાઈ બારડ,
રહે.દેવળી, ગામ-દેવળી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-દેવળી (દેદાની), તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જ્યોત્સનાબેન જેંસીગભાઈ બારડ, રહે.દેવળી, તાલુકો-કોડીનાર,જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જેસીંગભાઈ બાલુભાઈ બારડ તથા જ્યોત્સનાબેન જેંસીગભાઈ બારડના પુત્ર હાર્દિકકુમાર જેસીંગભાઈ બારડનો જન્મ તારીખ.30/04/1999 ના રોજ કોડીનાર તાલુકાના દેવળી મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૬/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

કાયદો-વ્યવસ્થાના લીરેલીરા ઉડતી ઘટના સામે આવી

# રાજુલાના ખેરામાં પ્રેમસબંધની શંકામાં યુવકના પિતાનું અપહરણ

રાજુલા, તા.૧૬

રાજુલા તાલુકાનાં ખેરા ગામમાં પ્રેમસંબંધની આશંકાને પગલે એક ગંભીર અને ચિંતાજનક ઘટના સામે આવી છે. યુવતીને ભગાડી જવાની શંકાના આધારે કેટલાક લોકોએ એક યુવકના પિતાનું અપહરણ કરીને તેમની સાથે મારપીટ કરી હતી. વધુ ગંભીર બાબત એ છે કે અપહરણગ્રસ્ત વ્યક્તિને છોડાવવા પહોંચેલી પોલીસ ટીમ પર પણ ટોળાએ હુમલો કર્યો હતો, જેમાં PSI સહિત ત્રણ પોલીસકર્મીઓને ઈજાઓ પહોંચી હતી. સમગ્ર ઘટનાને લઈને પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં ફરજમાં રૂકાવટ, હુમલો અને અન્ય સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર ખેરા ગામના રહેવાસી દેવશીભાઈ ગુજરીયાના પુત્રને એક યુવતી સાથે પ્રેમસંબંધ હોવાની શંકા યુવતીના પરિવારજનોને હતી. યુવતી અચાનક ઘરેથી ગાયબ થતાં યુવતીના પરિવારજનોને લાગ્યું કે દેવશીભાઈનો પુત્ર તેને ભગાડી ગયો હશે. આ શંકાના આધારે કેટલાક લોકોએ દેવશીભાઈ ગુજરીયાનું હિંડોરણા વિસ્તારથી અપહરણ કર્યું હતું.અપહરણ બાદ દેવશીભાઈને ખેરા ગામની સીમમાં આવેલા એક જાંબુડાના ઝાડ સાથે બાંધી રાખવામાં આવ્યા હતા. ત્યાં કેટલાક પુરુષો તેમજ મહિલાઓ દ્વારા તેમને માર મારવામાં આવતો હતો. દરમિયાન આ ઘટનાની જાણ પીપાવાવ મરીન પોલીસને થતાં પોલીસ તાત્કાલિક હરકતમાં આવી હતી.પીપાવાવ મરીન પોલીસના PI વી. કે. રાઠોડના માર્ગદર્શન હેઠળ PSI કે. ડી. હડિયા, પોલીસ કર્મચારી ચંપુભાઈ પોપટ, અક્ષયભાઈ મોરી અને મગનભાઈ ધાપા સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે સમયસર કાર્યવાહી કરીને દેવશીભાઈ ગુજરીયાને ટોળાની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યા હતા.



### અપહરણગ્રસ્તને છોડાવવા ગયેલી પોલીસ પર ટોળાએ પથ્થરમારો

ત્યારબાદ પોલીસ દ્વારા સમગ્ર મામલે સંકળાયેલા લોકોને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.જોકે, પોલીસની સમજાવટ છતાં ટોળું ઉશ્કેરાઈ ગયું હતું અને પોલીસકર્મીઓ પર પથ્થરમારો તેમજ લાકડાં વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં PSI કે. ડી. હડિયા સહિત અન્ય પોલીસકર્મીઓને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત પોલીસકર્મીઓને તાત્કાલિક સારવાર માટે રાજુલાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.આ ઘટનાએ કાયદો અને વ્યવસ્થાને લઈને અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. પોલીસ પર થયેલા હુમલાને ગંભીરતાથી લઈ પીપાવાવ મરીન પોલીસે આરોપીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરી છે.

# સાવરકુંડલાના હાથસણી રોડની કામગીરીમાં વિલંબ અને નબળા કામને પગલે સ્થાનિકમાં રોષ

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલાના અતિ વ્યસ્ત હાથસણી રોડના બિસ્માર માર્ગ અંગે જાગૃત નાગરિક પ્રિયંક પાંધી દ્વારા મુખ્યમંત્રી કાર્યાલય સુધી રજૂઆતો કરવા છતાં, તંત્ર માત્ર કાગળ પર જ એક્શન મોડમાં આવ્યું છે.

૨૦ જેટલી સોસાયટીઓ અને ૪ ગામોને જોડતા સાવરકુંડલા થી હાથસણી ગામ સુધીના આ ૭ કિલોમીટરના રસ્તાની કામગીરીમાં ઘોર વિલંબ અને નબળા કામને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અમરેલીના પંચાયત માર્ગ મકાન વિભાગે પોતે સ્વીકાર્યું છે કે નવનિર્મિત સી.સી. રોડમાં તિરાડો પડી ગઈ છે, તેમ છતાં એજન્સી સામે કોઈ કડક દંડાત્મક પગલાં લેવાને બદલે માત્ર પત્ર પાઠવીને સંતોષ માની લેવામાં આવ્યો છે. ચોમાસું નજીક હોવા છતાં ડામરની કામગીરી સંપૂર્ણપણે બાકી છે. જો ટૂંક સમયમાં ગુણવત્તાયુક્ત કામ શરૂ નહીં થાય, તો રહીશોએ નામદાર કોર્ટના દરવાજા ખટખટાવવાની સ્પષ્ટ ચેતવણી આપી છે.

# જાફરાબાદના મીઠાપુરમાં મજૂરીના પૈસા બાબતે બબાલ થઈ

**સામસામે ફરિયાદ નોંધાઈ**

જાફરાબાદ, તા.૧૬

જાફરાબાદ તાલુકાના મીઠાપુર ગામની સીમમાં મજૂરીના રૂપિયાની લેતી-દેતી મામલે બે પક્ષો વચ્ચે ઉગ્ર મારામારી થઈ હોવાની ઘટના સામે આવી હતી. આ મામલે બંને પક્ષે સામસામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.અલ્પેશભાઈ લાખાભાઈ કોટડીયા (ઉ.વ.૨૫) એ કનુભાઈ દિલુભાઈ વરૂ, દાદભાઈ દિલુભાઈ વરૂ, યુવરાજભાઈ જોરૂભાઈ વરૂ તથા મહેશભાઈ ચાપભાઈ વરૂ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તા. ૧૪/૦૬/૨૦૨૬ના રોજ સાંજે વાડીએથી ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે રસ્તામાં ઉભેલા આરોપી કનુભાઈ વરુ પાસે પોતાની મજૂરીના બાકી નીકળતા રૂ.૧,૦૦૦ માંગ્યા હતા. કનુભાઈએ પૈસા આપવાની ના પાડી ગાળો ભાંડી હતી. આ બાબતે બોલાચાલી વધતાં કનુભાઈ અને દાદભાઈ વરુએ તેમની સાથે મારામારી શરૂ કરી દીધી હતી. વિવાદ વધતાં દાદભાઈ વરુએ બાજુમાંથી ઘણ લાવી ફરિયાદીના માથામાં ફટકારી દીધો હતો, જેથી તેમને ગંભીર મૂઢ ઈજા થઈ હતી. તમામ આરોપીઓએ તેમને અને તેમના ભાઈને માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ કનુભાઈ દિલુભાઈ વરૂ (ઉ.વ.૩૦)એ અલ્પેશભાઈ લાખાભાઈ કોટડીયા તથા મુકેશભાઈ લાખાભાઈ કોટડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ મીઠાપુર સીમમાં સોલાર કંપનીનું કામ ચાલી રહ્યું હતું ત્યારે આરોપી અલ્પેશ લાખાભાઈ કોટડીયાએ તેમની પાસે મજૂરીના રૂપિયા માંગ્યા હતા. તેમણે તમામ રૂપિયા ચૂકવી દીધા હોવાનું કહેતાં અલ્પેશ ઉશ્કેરાઈ ગયો હતો અને તેના ભાઈ મુકેશને ફોન કરીને બોલાવી લીધો હતો. આરોપી મુકેશ હાથમાં કુહાડી લઈને આવ્યો હતો અને ફરિયાદીના માથા પર કુહાડીનો ઘા કરવા ગયો હતો. તેમણે બચાવમાં હાથ આડો રાખતાં જમણા હાથના પંજા પર ઈજા થઈ હતી અને માથામાં ચાર ટાંકા આવ્યા હતા. આ દરમિયાન આરોપી અલ્પેશભાઈએ ફરિયાદીને જમણા હાથના કાંડા પર બચકું ભરી લીધું હતું. આસપાસના લોકોએ વચ્ચે પડીને ફરિયાદીને બચાવ્યો હતો. જતી વખતે આરોપીઓએ 'હવે બીજી વાર જીવતો નહીં રાખીએ' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. વી. દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના હામાપુરના યુવકે પરિણીતા પર બળાત્કાર ગુજાર્યો

**અશ્લીલ વીડિયો વાયરલ કરવાની અને પિતાને મારી નાખવાની ધમકી આપી**

બગસરા, તા. ૧૬

બગસરાના હામાપુર ગામના એક યુવકે યુવતી સાથે અવારનવાર દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી છે. એટલું જ નહીં, આરોપીએ યુવતીના અશ્લીલ વીડિયો વાયરલ કરવાની અને તેના પિતાને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ સંદર્ભે પીડિતાએ હરેશભાઈ કાળુભાઈ વિકાણી સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ યુવતીને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી અને લગ્ન કરવાની લાલચ આપી સંપૂર્ણ વિશ્વાસમાં લીધી હતી. ત્યારબાદ આરોપીએ યુવતીની મરજી વિરુધ્ધ તેને અલગ-અલગ સ્થળોએ લઈ જઈ અવારનવાર બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા હતા. પીડિતાએ જ્યારે પણ વિરોધ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે આરોપીએ હેવાનિયત આચરી તેને શારીરિક ઈજાઓ પણ પહોંચાડી હતી.પોલીસ ફરિયાદ અનુસાર, આરોપીએ પીડિતાના કેટલાક આપત્તિજનક વીડિયો ઉતારી લીધા હતા અને તેના જોરે તે પીડિતાને બ્લેકમેલ કરતો હતો.

જો યુવતી આ અંગે કોઈને વાત કરશે તો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની અને તેના પિતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપી તેનું શોષણ કરતો રહ્યો હતો. હાલ બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.કે. ગોલવેલકર આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.






## -::જાહેર નોટીસ::-

આથી અમો રાવળ ચેતનકુમાર સી. એડવોકેટ, રે.અમરેલીના તે મારા અસીલ બટુકભાઈ ગોવિંદભાઈ ગાંગડિયા રે. ઈશ્વરીયા, તા.જી.અમરેલીવાળાની સુચના અને માહિતી અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવુ છું કે,

માજે અમરેલી સીમતળની ખેતી ખાતા નં.૪૫ જેનો સર્વે નં.૧૯૨/૨ છે. હે. ૪-૮૭-૬૫ ક્ષેત્રફળવાળી મારા અસીલ તેમજ અન્ય ૧૨ સહમાલીકોની સંયુકત ખાતે ચાલતી ખેતીની જમીન સંબંધે અમરેલીના સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દી.મુ.ન. ૪/૨૦૨૩ થી જાહેર કરેલ ચુકાદા મુજબ, સદરહું જમીન અમારા ગુ.પરદાદાના અમો તમામ વારસોની સંયુકત માલીકી કબ્જા ભોગવટાની ઠરાવવામાં આવેલ છે.

ઉપરોકત વર્ણન વાળી ખેતીની જમીનની કૌટુંબિક સમજુતીથી વહેંચણી/ વિભાજન ઘરમેળે સમજુતીથી કરવા વખતો વખત રૂબરૂમાં બેઠક કરવામાં આવેલ છે. પરંતુ પરિવારના કેટલાક સભ્યોની સંમતિ તો કેટલાક સભ્યોની અસંમતિ જેવી સ્થિતિના કારણે ઘરમેળે વહેંચણી કરવાની કાર્યવાહી થઈ શકેલ નથી.

હાલની આ નોટીસ લાગતા વળગતાને આપી જાણ કરુ છુ કે, ઉપરોકત વિગત વર્ણનવાળી ખેતીની જમીનની સહમાલીકો વચ્ચે ઘરમેળે સમજુતીથી વિભાજન થવા અને દરેક હિસ્સેદારને પોતાના હિસ્સાની જમીન સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટે સોંપી આપવા કરવામાં આવનાર કાર્યવાહીમાં સંમતિ અથવા અસંમતિ આ નોટીસ પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં લેખીતમાં અમારા નીચે જણાવેલ સરનામે રૂબરૂ રજુ કરવા તાકીદ કરવામાં આવે છે. મુદત વિત્યાબાદ કરવામાં આવેલ રજુઆત અમોને બંધનકર્તા રહેશે નહી. તેમજ અમારા અસીલને યોગ્ય અને જરૂરી લાગે તેવી કાનુની કાર્યાવહી હાથ ધરશે જેની નોંધ લેવી.

**તા.૧૬/૦૬/૨૦૨૬**
**સ્થળ: અમરેલી**
**સરનામું : એસ.બી.એસ લાયબ્રેરી ચોક શાખા સામે, લાયબ્રેરી રોડ અમરેલી**
**મો.૯૫૭૪૦૯૫૪૪૪**

**અસીલની સુચનાથી,**
**સહી,**
**ચેતન સી.રાવળ**

## અવસાન નોંધ

**બગસરા**

બગસરા નિવાસી નવીનચંદ્ર ગિરધરલાલ જોશી ( ઉં.વ. ૮૨) તે સ્વ.જેન્તીભાઇ ચુનીભાઈ દલપતરાય અને જયસુખભાઈ તેમજ સ્વ.અમૃતલાલ જોશીના ભાઇ તેમજ મહેશભાઈ, કિરણભાઈ, મનીષાબેન અને જયશ્રીબેનના પિતા અને યોગિનભાઈ ભટ્ટ ભાવનગરના સસરાનું તારીખ ૧૬ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે.તેમનું બેસણું તારીખ ૧૮ ને ગુરુવારના રોજ બપોરે ૪ થી ૬ ગાયત્રી મંદિર પોસ્ટ ઓફિસ પાસે રાખેલ છે.

**બગસરા**

બગસરા નિવાસી સ્વ,સોની દલસુખરાય મણિલાલ ધોરડાના ધર્મપત્ની નીરુબેન દલસુખરાય ધોરડા, (ઉ.વ.૭૫) તેઓ સ્વ.ભાવેશભાઈ તથા ચિંતનભાઈ, હીનાબેન, મનીષાબેન તેમજ ગીતાબેનના માતૃશ્રી અને હેતલબેનના સાસુ અને રાહુલ તથા નાયરાબેનના દાદીનું આજરોજ તા.૧૬ ને મંગલવારના શ્રીજી ચરણ પામેલ છે.સદગતની સાદડી તા. ૧૮ ને ગુરુવારેના રોજ સાંજે ૪ થી ૬ જૂની ખત્રી સમાજની વાડી ખત્રીવાડ, બગસરા ખાતે રાખેલ છે.






**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.26/2026
મરણ તારીખ : 07/06/1998

ભીખુભાઈ મલાભાઈ પરમાર,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
એ.ડી.ઠક્કરાર, કોડીનાર.

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી,કોડીનાર,
નગરપાલીકા, કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભીખુભાઈ મલાભાઈ પરમાર, રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના માતા લક્ષ્મીબેન માલાભાઈ પરમારનું મરણ તારીખ.07/06/1998 ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૬ માહે ૦૬ સને ૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.195/2026
જન્મ તારીખ : 05/01/1976

ગંગાગીરી સોમગીરી ગૌસ્વામી,
રહે.આદપુકાર, ગામ-આદપુકાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-આદપુકાર, તા. કોડીનારકોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ગંગાગીરી સોમગીરી ગૌસ્વામી, રહે.આદપુકાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ગંગાગીરી સોમગીરી ગૌસ્વામી તથા સવિતાબેન ગંગાગીરી ગૌસ્વામી ના પુત્ર ગૌસ્વામી ઘનશ્યામગીરી ગંગાગીરીનો જન્મ તારીખ.05/01/1976 ના રોજ કોડીનાર તાલુકાના આદપુકાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.181/2026
જન્મ તારીખ : 15/06/1986

શ્રી બારૈયા રામજીભાઈ ભગવાનભાઈ,
રહે.કોટડા, ગામ-કોટડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-વેલણ જુથ, તા. કોડીનારકોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી બારૈયા રામજીભાઈ ભગવાનભાઈ, રહે.કોટડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી શ્રી બારૈયા રામજીભાઈ ભગવાનભાઈ તથા કાલીબેન રામજીભાઈ બારૈયા, ના પુત્રી બારૈયા રમિલાબેન રામજીભાઈનો જન્મ તારીખ.15/06/1986 ના રોજ કોડીનાર તાલુકાના કોટડા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.30/2026
મરણ તારીખ : 05/08/1994

ઓસમાણમીયા જુસબમીયા,
રહે.પાવટી, ગામ-પાવટી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ,
એન.એમ.જાદવ,કોડીનાર ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી-પાવટી, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઓસમાણમીયા જુસબમીયા, રહે.પાવટી, ગામ-પાવટી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પત્ની રેમતબેનનું મરણ તારીખ.05/08/1994 ના રોજ કોડીનાર તાલુકાના પાવટી ગામ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૫ માહે ૦૬ સને ૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**તંત્રી લેખ**

# યુધ્ધવિરામ: ભારત માટે મોટી રાહત

ઈરાન અને અમેરિકા વચ્ચેનો તણાવ માત્ર બે દેશો પૂરતો મર્યાદિત નથી રહેતો, પરંતુ તેની અસર સમગ્ર વિશ્વ પર જોવા મળે છે. પશ્ચિમ એશિયા વિશ્વના ઊર્જા ભંડારોનું કેન્દ્ર માનવામાં આવે છે અને ત્યાં સર્જાતી કોઈપણ અસ્થિરતા વૈશ્વિક અર્થવ્યવસ્થા, વેપાર અને સુરક્ષાને સીધી અસર પહોંચાડે છે. આવી સ્થિતિમાં જો ઈરાન અને અમેરિકા વચ્ચે યુધ્ધવિરામ થાય અથવા તણાવમાં ઘટાડો થાય, તો ભારત માટે તે અનેક રીતે લાભદાયી સાબિત થઈ શકે છે. ભારત જેવી ઝડપી ગતિએ વિકસતી અર્થવ્યવસ્થા માટે પશ્ચિમ એશિયામાં સ્થિરતા અત્યંત મહત્વપૂર્ણ છે. ભારત પોતાની ઊર્જાની જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત દ્વારા પૂર્ણ કરે છે. દેશને જરૂરી ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસનો નોંધપાત્ર જથ્થો પશ્ચિમ એશિયાના દેશોમાંથી મળે છે. જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ વધે છે, ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં વધારો થાય છે. પરિણામે ભારતનો આયાત ખર્ચ વધે છે અને મોંઘવારી પર દબાણ ઊભું થાય છે. જો બંને દેશો વચ્ચે શાંતિપૂર્ણ વાતાવરણ સર્જાય, તો તેલના ભાવ સ્થિર રહેવાની સંભાવના વધે છે. તેનાથી ઉત્પાદન અને પરિવહન ખર્ચમાં ઘટાડો થાય છે, જેનો સીધો લાભ સામાન્ય નાગરિકોને મળે છે. હોર્મુઝની ખાડી વિશ્વના સૌથી મહત્વપૂર્ણ સમુદ્રી વેપાર માર્ગોમાંની એક છે. વિશ્વના મોટા ભાગનું તેલ આ માર્ગ દ્વારા વિવિધ દેશોમાં પહોંચે છે. ઈરાન અને અમેરિકા વચ્ચેનો સંઘર્ષ વધે ત્યારે આ માર્ગની સુરક્ષા અંગે ચિંતાઓ ઊભી થાય છે. જહાજરાની ખર્ચમાં વધારો થાય છે અને માલસામાનના પરિવહનમાં વિલંબ સર્જાઈ શકે છે. યુધ્ધવિરામથી સમુદ્રી માર્ગો વધુ સુરક્ષિત બને છે, જેના કારણે ભારતના આંતરરાષ્ટ્રીય વેપારને ગતિ મળે છે અને આયાત-નિકાસ પ્રક્રિયા સરળ બને છે. પશ્ચિમ એશિયાના વિવિધ દેશોમાં લાખો ભારતીયો રોજગાર મેળવે છે. ખાસ કરીને ખાડી દેશોમાં કાર્યરત ભારતીયો દર વર્ષે અબજો ડોલરની વિદેશી મુદ્રા ભારતમાં મોકલે છે. જો વિસ્તારમાં યુધ્ધ જેવી પરિસ્થિતિ સર્જાય, તો તેમની સુરક્ષા અને રોજગારી બંને જોખમમાં આવી શકે છે. શાંતિપૂર્ણ વાતાવરણ ભારતીય માટે સ્થિરતા જાળવી રાખે છે અને તેમની આવક તેમજ ભારતને મળતી વિદેશી મુદ્રાને સુરક્ષિત રાખે છે. ભારતની વિદેશ નીતિ હંમેશાં સંતુલન, સંવાદ અને સહકાર પર આધારિત રહી છે. ભારત અમેરિકા સાથે મજબૂત વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે, જ્યારે ઈરાન સાથે પણ ઐતિહાસિક અને આર્થિક સંબંધો જાળવી રાખે છે. જો બંને દેશો વચ્ચેના સંબંધોમાં સુધારો થાય, તો ભારત પર કોઈ એક પક્ષ તરફ ઝુકાવાનું દબાણ ઘટે છે. આથી ભારત પોતાની સ્વતંત્ર અને સંતુલિત વિદેશ નીતિને વધુ અસરકારક રીતે આગળ વધારી શકે છે. ઈરાનમાં આવેલું ચાબહાર બંદર ભારત માટે વ્યૂહાત્મક દૃષ્ટિએ અત્યંત મહત્વનું છે. આ બંદર ભારતને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાના દેશો સાથે સીધું જોડે છે. અમેરિકન પ્રતિબંધો અને પ્રાદેશિક અસ્થિરતાના કારણે આ પ્રોજેક્ટની ગતિ ઘણી વખત ધીમી પડી છે. જો ઈરાન અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં સુધારો થાય, તો ચાબહાર બંદર સહિતના અનેક વિકાસ પ્રોજેક્ટોને નવી ગતિ મળી શકે છે. તે ભારતના વેપાર અને ભૂરાજકીય હિતોને વધુ મજબૂત બનાવશે. વૈશ્વિક અર્થવ્યવસ્થામાં સ્થિરતા રોકાણકારો માટે મહત્વપૂર્ણ પરિબળ છે. યુધ્ધ અને તણાવના માહોલમાં શેરબજારોમાં અનિશ્ચિતતા વધે છે અને રોકાણકારો જોખમ લેવાનું ટાળે છે. પરંતુ યુધ્ધવિરામ અને શાંતિપૂર્ણ વાતાવરણથી વૈશ્વિક બજારોમાં વિશ્વાસ વધે છે. તેના પરિણામે ભારત જેવા વિકાસશીલ દેશોમાં વિદેશી રોકાણમાં વધારો થઈ શકે છે, જે રોજગારી, ઔદ્યોગિક વિકાસ અને આર્થિક વૃધ્ધિને પ્રોત્સાહન આપે છે. સુરક્ષાની દૃષ્ટિએ પણ પશ્ચિમ એશિયામાં શાંતિ ભારત માટે લાભદાયી છે. લાંબા સમય સુધી ચાલતા સંઘર્ષો ઘણી વખત ઉગ્રવાદી સંગઠનોને મજબૂત બનવાની તક આપે છે. અસ્થિરતા વધે ત્યારે આતંકવાદ અને ગેરકાયદેસર હથિયારોના વેપારનું જોખમ પણ વધી શકે છે. શાંતિ અને રાજદ્વારીય ઉકેલના કારણે સમગ્ર વિસ્તાર વધુ સ્થિર બને છે, જે ભારતની રાષ્ટ્રીય સુરક્ષાને પણ મજબૂત બનાવે છે.

# દામનગરના વૈજનાથ મંદિર ચોકડી પર સુવિધાઓનો અભાવ, લોકોને પડતી હાલાકી

દામનગર, તા.૧૬

દામનગરના ગારિયાધાર ઢસા હાઈવે પર આવેલ વૈજનાથ મંદિર ચોકડી સતત ટ્રાફિકથી ધમધમે છે.

આ મુખ્ય ચાર રસ્તા પર સ્પીડ બ્રેકર ન હોવાથી વાહનોની ટક્કર અને રઝળતા પશુઓને કારણે અકસ્માતો સર્જાય છે. અહીંથી પાલીતાણા, સાવરકુંડલા અને ભાવનગર તરફ જતા મુસાફરોની ભારે અવરજવર રહે છે, પરંતુ પ્રાથમિક સુવિધા સમાન 'પે એન્ડ યુઝ' ટોઈલેટ ન હોવાથી ખાસ કરીને મહિલા મુસાફરોને પારાવાર હાલાકી ભોગવવી પડે છે.




માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરોડોના ખર્ચે પાકા રસ્તાઓ બને છે, પરંતુ આવી જરૂરી જગ્યાઓએ સુવિધાઓ અપાતી નથી. તંત્ર અને લોકપ્રતિનિધિઓ આંખ આડા કાન કરવાને બદલે આ ગંભીર સમસ્યાઓનું વહેલી તકે નિરાકરણ લાવે તે અત્યંત જરૂરી છે.

# ધારીમાં બે સ્થળેથી ૧૧ જુગારી ૪૨ હજારના મુદ્દામાલ સાથે ઝડપાયા

ધારી, તા.૧૬

ધારીમાં પોલીસે બે અલગ-અલગ સ્થળેથી ૧૧ જુગારીઓને કુલ રૂ. ૪૨ હજારની રોકડ રકમ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

પ્રથમ દરોડામાં સંજયભાઈ કાળુભાઈ ડુંગરીયા, સંજયભાઈ ભરતભાઈ બજાણીયા, ભાવેશભાઈ દિનેશભાઈ પાટડીયા, કેતનભાઈ મનસુખભાઈ મકવાણા તથા કલ્પેશગીરી ઈશ્વરગીરી ગૌસ્વામી 'તીનપત્તી' નામનો હાર-જીતનો જુગાર રમતાં રોકડા રૂ. ૨૬,૭૬૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. જ્યારે હિમખીમડી પરામાંથી ઈલેશભાઈ વિનુભાઈ મકવાણા, હાર્દીકભાઈ કાળુભાઈ ગૌસ્વામી, જેન્તિભાઈ ભાયાભાઈ સાતલીયા, જયુભાઈ બાલાભાઈ ડાભી, પ્રમોદભાઈ ભરતભાઈ બજાણીયા તથા નવલભાઈ મનુભાઈ ચૌહાણ જુગાર રમતાં રોકડ રકમ રૂ. ૧૫,૨૪૦ સાથે ઝડપાયા હતા.

# ધારીના દુધાળા ગામનો યુવક હાથ બનાવટની જામગીરી બંદૂકથી ફાયરિંગ કરતા ઝડપાયો

ધારી, તા.૧૬

ધારી તાલુકાના દુધાળા ગામમાં ગેરકાયદેસર અને લાયસન્સ વગર ઘાતક હથિયાર રાખવા તેમજ તેનો ઉપયોગ કરવા બદલ પોલીસે એક યુવક સામે લાલઆંખ કરી ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, દુધાળા ગામના રઝાકભાઈ વલીભાઈ મકરાણી (ઉ.વ.૪૪) કોઈ પણ પ્રકારના કાયદેસરના પરવાના કે લાયસન્સ વગર પોતાની પાસે દેશી હાથ બનાવટની જામગીરી બંદૂક (અગ્નિ શસ્ત્ર) રાખી, તેના વડે ફાયરિંગ કરતા ઝડપાયા હતા.

આ મામલે ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ.વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

**પોલીસે યુવક સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

# ચલાલાના મીઠાપુર રેલવે ફાટક પાસે ભંગારના વેપારીના ઘરમાં ખાતર પડ્યું

**સોનાના ચેન સહિત ૮૭ હજારથી વધુની ચોરી**

ચલાલા, તા.૧૬

ચલાલાના મીઠાપુર રેલવે ફાટક પાસે ભંગારના વેપારીના ઘરમાં ખાતર પડ્યું હતું. તસ્કરો સોનાના દાગીના સહિત કુલ ૮૭ હજારથી વધુની મત્તા ઉઠાવીને ફરાર થઈ ગયા હતા. ઈમરાનભાઈ ઉર્ફે બવાભાઈ ગનીભાઈ અડવાણી (ઉ.વ.૩૮)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા ઈસમે તેમના રહેણાંક મકાનના આગળના ભાગે આવેલી લોખંડની ગ્રીલનું તાળું તોડી, ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. જે બાદ રૂમમાં રહેલા લોખંડના કબાટનું લોકર ખોલી, તેમાં રાખેલો સોનાનો ચેન, સોનાનું પેંડલ તથા કાનમાં પહેરવાની બુટી મળી કુલ કિ.રૂ. ૮૭,૩૮૬ની મત્તાની ચોરી કરી નાસી છૂટ્યો હતો. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.કે.જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં ત્રણ સ્થળેથી દારૂની ૫૯૭ બોટલ ઝડપાઈ

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાં પોલીસે ત્રણ અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને કુલ ૫૯૭ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો.પ્રથમ દરોડામાં, બાબરા ટાઉન ગ્રાઉન્ડ ચોક પાસેથી બાબરાના રહેવાસી ધર્મેન્દ્રભાઈ મનુભાઈ બસીયાને ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂના ૩૩૬ નંગ ચપટા (ક્વાર્ટર) સાથે ઝડપી લેવાયો હતો. તદુપરાંત, તેની પાસેથી અન્ય ૧૪૪ નંગ ચપટા પણ મળી આવ્યા હતા. પોલીસે મોબાઈલ ફોન અને કાર સહિત કુલ રૂ. ૨,૪૯,૦૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.બીજા દરોડામાં, લીલીયાની અંટાળીયા ચોકડી પાસે જાહેર રોડ પરથી વીરડી ગામના મુન્નાભાઈ ધીરૂભાઈ વાઘેલા પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૧૫ બોટલ મળી આવી હતી. પોલીસે મોબાઈલ અને દારૂની બોટલો મળી કુલ રૂ. ૧૫,૩૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.ત્રીજા દરોડામાં, ચિતલ ગામેથી અજયભાઈ સુરેશભાઈ વાળા તથા મેહુલભાઈ દિનેશભાઈ વાળા પાસેથી વિદેશી દારૂની બે બોટલ, ત્રણ મોબાઈલ ફોન અને બાઈક મળી કુલ રૂ. ૪૫,૧૬૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.આ ઉપરાંત, જિલ્લામાં અન્ય પાંચ વ્યક્તિઓ પાસેથી ૩૨ લીટર પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો, જ્યારે પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ૧૧ લોકોની પણ અટકાયત કરવામાં આવી હતી.

# રાજુલાના માંડળ ગામે મોટરસાયકલ સ્લીપ થતાં યુવકનું સારવારમાં મોત

રાજુલા, તા.૧૬

રાજુલાના માંડળ ગામે બાઈક સ્લીપ થતાં હેમરેજ થયેલા યુવકનું સારવારમાં મોત થયું હતું. આ અંગે ભરતભાઈ જીવણભાઈ જેઠવા (ઉવ.૩૨) એ જાહેર કર્યા મુજબ, તેમના મોટા ભાઈ ભુપતભાઈ જીવણભાઈ જેઠવા (ઉવ.૪૩) તેના દિકરાને બેલા તા.તળાજા ખાતે હોસ્ટેલમાં નાસતો આપવા સારૂ જતા હતા. તે વખતે માંડળ ગામથી આશરે ત્રણેક કિમી દૂર આસરાણા તરફ જતા રોડ ઉપર પહોંચ્યો હતો ત્યારે પોતાના હવાલાની મોટર સાયકલ સ્લીપ થઈ જતા માથાના ભાગે હેમરેજ થતા સારવાર દરમ્યાન મરણ પામ્યા હતા. ડુંગર પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એસ.પલાસ વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર યાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૫૦ | ૧૮૧૦ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૬૦ |
| જુવાર સફેદ | ૯૧૮ | ૧૧૧૮ |
| જુવાર લાલ | ૯૫૦ | ૧૧૧૬ |
| જુવાર પીળી | ૨૫૦ | ૪૯૬ |
| બાજરી | ૩૫૦ | ૪૮૬ |
| મકાઇ | ૩૪૦ | ૪૩૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૩૧ |
| ચણા પીળા | ૧૦૭૦ | ૧૧૬૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૭૬૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૭૩૨ |
| મગ | ૧૧૧૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૧૦૧ |
| ચોળી | ૧૦૨૦ | ૧૫૨૪ |
| વટાણા | ૬૦૦ | ૯૦૦ |
| કળથી | ૩૬૫ | ૩૬૫ |
| રાજમા | ૮૦૦ | ૧૩૦૦ |
| સીંગદાણા | ૧૪૫૦ | ૧૭૨૫ |
| મગફળી જાડી | ૧૧૧૫ | ૧૫૫૮ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૫૫૨ |
| અળશી | ૧૮૩૬ | ૧૮૩૬ |
| તલી | ૧૭૭૦ | ૨૪૧૫ |
| સુરજમુખી | ૧૨૫૦ | ૧૩૬૬ |
| એરંડા | ૧૧૮૦ | ૧૩૭૫ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૪૪૧ |
| સીંગફાડા | ૧૩૪૦ | ૧૬૩૩ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૭૪૧ |
| લસણ | ૧૦૫૦ | ૨૦૪૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૬૪૦ |
| ધાણી | ૨૩૫૦ | ૨૭૬૫ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૭૮૪ |
| જીરૂ | ૩૨૮૦ | ૩૯૫૦ |
| રાય | ૧૨૫૦ | ૧૬૪૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૭૪૦ |
| કલોંજી | ૨૯૫૦ | ૩૪૮૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૪૨૦ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૯૫૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૧૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૨૫ | ૬૩૩ |
| લીંબુ | ૭૨૭ | ૧૩૬૮ |
| પપૈયા | ૯૮ | ૧૯૪ |
| બટેટા | ૧૦૧ | ૨૮૯ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૩૯૦ |
| ટમેટા | ૫૮૮ | ૯૭૦ |
| સુરણ | ૭૭૫ | ૧૦૫૯ |
| કોથમરી | ૭૨૪ | ૯૬૩ |
| રીંગણા | ૧૩૩ | ૩૧૩ |
| કોબીજ | ૧૨૬ | ૩૦૫ |
| ફ્લાવર | ૨૫૨ | ૫૨૬ |
| ભીંડો | ૩૨૬ | ૬૯૨ |
| ગુવાર | ૭૩૭ | ૧૩૮૫ |
| ચોળાસીંગ | ૬૮૩ | ૯૨૧ |
| ટીંડોળા | ૩૯૩ | ૮૨૨ |
| દુધી | ૧૩૨ | ૨૮૪ |
| કારેલા | ૩૪૩ | ૬૦૯ |
| સરગવો | ૪૧૮ | ૮૨૩ |
| તુરીયા | ૪૮૧ | ૮૧૧ |
| પરવર | ૫૯૨ | ૮૦૫ |
| કાકડી | ૩૧૩ | ૬૮૯ |
| ગાજર | ૩૨૪ | ૫૦૨ |
| વટાણા | ૧૦૩૨ | ૧૪૮૩ |
| ગલકા | ૧૪૪ | ૩૫૫ |
| બીટ | ૨૧૪ | ૪૨૧ |
| મેથી | ૯૩૩ | ૧૨૬૫ |
| ડુંગળી લીલી | ૧૦૫૯ | ૧૩૧૮ |
| આદુ | ૧૮૬૮ | ૨૩૫૭ |
| મરચા લીલા | ૮૧૪ | ૧૦૨૫ |
| મકાઇ લીલી | ૨૯૧ | ૫૧૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૮૧૧ |
| ઘઉં લોકવન | ૪૫૨ | ૫૩૪ |
| ઘઉં ટુકડા | ૪૫૮ | ૫૭૬ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૭૪૬ |
| સિંગદાણા જાડા | ૧૪૦૧ | ૧૯૨૧ |
| સિંગ ફાડીયા | ૧૩૦૧ | ૧૭૨૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૧ | ૧૩૪૧ |
| કલંજી | ૧૩૦૧ | ૩૪૧૧ |
| ધાણા | ૧૮૦૧ | ૨૭૮૧ |
| ડુંગળી લાલ | ૮૬ | ૩૬૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૪૧ |
| મઠ | ૩૦૦ | ૩૦૦ |
| તુવેર | ૧૦૭૬ | ૧૫૭૧ |
| રાયડો | ૧૧૯૧ | ૧૩૩૧ |
| રાય | ૧૩૧૧ | ૧૪૦૦ |
| મેથી | ૧૦૦૧ | ૧૫૮૧ |
| કાંગ | ૪૭૧ | ૫૫૧ |
| મગફળી જાડી | ૧૧૭૧ | ૧૬૨૧ |
| ધાણી | ૧૯૦૧ | ૨૮૦૧ |
| બાજરો | ૩૨૧ | ૪૬૧ |
| જુવાર | ૫૦૦ | ૧૦૭૧ |
| મકાઇ | ૨૯૧ | ૩૯૧ |
| મગ | ૧૦૦૧ | ૧૮૫૧ |
| વાલ | ૫૦૦ | ૯૯૧ |
| ચોળા / ચોળી | ૬૦૧ | ૧૫૦૧ |
| સોયાબીન | ૧૦૯૬ | ૧૬૩૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૦૧ |
| વટાણા | ૩૭૧ | ૭૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૬૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૬૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૯ |
| કોથમીર પુરા | ૪ | ૬ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| ગ્રૂણ | ૮૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૪૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૫૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૬૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૨૮૫ | ૧૫૨૫ |
| શિંગ મોટી | ૭૭૦ | ૧૬૦૦ |
| શિંગ દાણા | ૧૫૨૦ | ૧૮૬૦ |
| શિંગ દાણા ફાડા | ૧૩૦૦ | ૧૭૬૫ |
| તલ સફેદ | ૧૩૭૦ | ૨૬૫૦ |
| તલ કાળા | ૨૧૩૦ | ૩૯૯૦ |
| તલ કાશમીરી | ૨૧૫૦ | ૨૩૭૫ |
| બાજરો | ૩૦૦ | ૪૮૦ |
| જુવાર | ૫૩૦ | ૮૮૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૪૫ | ૫૦૫ |
| મગ | ૧૨૧૫ | ૧૭૪૫ |
| અડદ | ૮૫૦ | ૧૩૦૦ |
| ચણા | ૮૮૦ | ૧૧૫૦ |
| સફેદ ચણા | ૯૪૦ | ૧૧૭૦ |
| છોલે ચણા | ૮૦૦ | ૧૪૫૦ |
| ચોળી | ૮૭૦ | ૮૭૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૨૫ |
| કપાસ | ૯૭૦ | ૧૮૮૦ |
| એરંડા | ૧૦૪૫ | ૧૨૯૫ |
| જીરુ | ૨૫૦૦ | ૩૯૦૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૩૪૫ |
| રાય | ૧૨૮૫ | ૧૫૦૫ |
| ધાણા | ૨૩૨૦ | ૨૩૨૦ |
| ધાણી | ૧૭૯૦ | ૨૪૬૫ |
| અજમા | ૨૪૨૦ | ૨૬૦૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૧૦૮૦ | ૧૩૪૦ |
| રજકાનું બી | ૬૭૦૦ | ૭૯૨૫ |
| કલોંજી | ૨૬૨૫ | ૨૬૨૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૮૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૨૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૩૨૦ | ૪૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૭૩૦ |
| ટમેટાં | ૧૦૦૦ | ૧૧૦૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૬૫૦ | ૭૦૦ |
| દુધી | ૧૪૦ | ૨૧૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૫૦ | ૪૦૦ |
| કાચી કેરી | ૯૫૦ | ૧૫૫૦ |
| કાકડી | ૪૨૦ | ૫૨૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૪૦૦ |
| પાકી કેરી | ૮૨૦ | ૧૪૦૦ |
| ચોળા લીલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૮૫૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૨૫૦૦ | ૨૭૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૩૦ | ૫૨૦ |
| સરગવો | ૬૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી સુકી | ૨૫૦ | ૫૦૦ |
| લસણ સુકું | ૧૨૫૦ | ૨૨૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૮૫૦ | ૧૨૫૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૪૦ | ૧૪૭૬ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૩૯૦ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૨૫ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૦૨ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૯૨૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૮૩૦ |
| કપાસ | ૧૫૫૦ | ૧૮૦૩ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૨૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૬૫૦ | ૧૦૬૦ |
| મગ | ૧૪૫૦ | ૧૬૯૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૭૫ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૧૯૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૦૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૯૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| રાય/રાયડો | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૯૦૦ |
| સોયાબીન | ---- | ૧૩૦૦ |
| રજકા બીજ | ૫૦૦૦ | ૬૦૦૦ |
| ચોળી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૨૬ |
| કપાસ મીડી. | ૧૫૧૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૧૦ | ૧૩૦૫ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૨૮૫૦ | ૩૬૩૦ |
| જીરૂ | ૨૯૪૦ | ૩૩૫૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૧૪૫ |
| ઘઉં | ૪૨૫ | ૪૬૦ |
| **બગસરા** | | |
| મગફળી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ઘઉં લોકવન | ૪૨૮ | ૪૫૩ |
| જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| ઘઉં ટુકડા | ૪૧૨ | ૪૫૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૧૨ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૮ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ધાણા | ૨૪૩૦ | ૨૪૩૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૨૦૦ |
| મગ | ૧૫૧૫ | ૧૫૧૫ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૩૮૧ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૩૨૦ |
| શીંગ દાણા | ૧૨૪૦ | ૧૮૩૮ |
| લશણ | ૯૪૦ | ૯૪૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૧૩ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૯૦ | ૧૨૪૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૫૭ |
| ચણા | ૧૧૦૫ | ૧૧૪૫ |
| તુવેર | ૧૧૦૫ | ૧૪૬૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૫૨૫ |
| મગ | ૧૦૯૫ | ૧૬૫૦ |
| તલ સફેદ | ૨૩૨૫ | ૨૩૮૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૨૮૦૦ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૩૦ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૮૮૦ |
| રાઈ | ૧૪૩૦ | ૧૪૩૦ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૧૮૫ | ૧૩૨૨ |
| જુવાર | ૪૨૧ | ૧૦૮૯ |
| બાજરી | ૩૫૧ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૪૭ | ૫૩૩ |
| મકાઈ | ૪૭૨ | ૪૭૨ |
| અડદ | ૧૪૨૪ | ૧૬૯૨ |
| મગ | ૯૦૧ | ૧૭૬૦ |
| સોયાબીન | ૧૧૪૫ | ૧૨૫૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૧૭૧ |
| તલ સફેદ | ૧૭૨૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૧૯૩૧ | ૩૫૧૨ |
| તુવેર | ૧૧૮૮ | ૧૨૮૨ |
| મેથી | ૯૯૯ | ૧૩૮૧ |
| ડુંગળી લાલ | ૮૯ | ૫૦૦ |
| ડુંગળી સફેદ | ૨૧૨ | ૨૭૯ |
| નાળીયેર | ૭૨૦ | ૨૪૧૭ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૧૩૫૨ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૪૪૧ |
| તલ કાળા | ૨૨૨૨ | ૩૦૫૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૭૮૧ |
| બાજરો | ૩૫૦ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૪૨૭ | ૪૬૭ |
| જુવાર | ૫૩૧ | ૧૧૪૧ |
| મકાઈ | ૪૨૬ | ૪૨૬ |
| મગ | ૧૫૫૧ | ૧૬૯૦ |
| અડદ | ૧૨૭૬ | ૧૬૭૫ |
| તુવેર | ૧૦૦૧ | ૧૨૦૧ |
| ચણા | ૯૮૧ | ૧૩૦૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| રાય | ૧૪૦૦ | ૧૪૦૦ |
| શીંગદાણા | ૧૭૬૨ | ૧૭૬૨ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૭૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૭૫ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| મગ | ૧૦૦૧ | ૧૬૪૬ |
| ચણા | ૮૦૧ | ૧૧૨૧ |
| વાલ | ૩૦૦ | ૩૦૦ |
| અડદ | ૧૧૫૧ | ૧૧૫૧ |
| તુવેર | ૯૦૧ | ૧૪૩૧ |
| મગફળી | ૭૦૧ | ૧૨૨૬ |
| શિંગદાણા | ૧૪૦૧ | ૧૮૫૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૫૧ |
| એરંડા | ૧૦૦૧ | ૧૨૯૬ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૨૩૦૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૭૧ |
| મેથી | ૮૦૧ | ૧૨૯૬ |
| ધાણા | ૧૦૦૧ | ૨૫૪૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૦૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૦૦ | ૫૦૦ |
| ઘઉં | ૪૨૫ | ૪૮૫ |
| રાઈ | ૧૩૦૦ | ૧૫૦૫ |
| જુવાર | ૭૦૦ | ૧૧૦૦ |
| મગ | ૧૪૨૧ | ૧૯૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૯૦ |
| રજકો | ૩૦૦૦ | ૭૦૭૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૯૯૫ | ૧૦૮૫ |
| બાજરો | ૩૧૦ | ૫૩૫ |
| ઘઉં | ૩૪૫ | ૪૫૯ |
| મગ | ૧૫૫૦ | ૧૯૪૦ |
| અડદ | ૮૮૦ | ૧૬૨૦ |
| તુવેર | ૯૮૦ | ૧૩૩૫ |
| ચોળી | ૩૦૦ | ૩૫૦ |
| વાલ | ૪૦૦ | ૭૯૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૭૪ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૧૫ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૪૫ |
| એરંડા | ૧૦૨૦ | ૧૩૦૦ |
| તલ | ૧૫૦૦ | ૨૪૨૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૫૫૫ |
| રાયડો | ૧૧૫૦ | ૧૩૫૨ |
| રાય | ૧૨૦૦ | ૧૫૯૦ |
| લસણ | ૮૦૦ | ૧૯૩૦ |
| કપાસ | ૯૫૦ | ૧૬૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૫૦ |
| અજમો | ૨૪૦૦ | ૩૪૨૫ |
| અમજમાની ભૂસી | ૫૦ | ૨૮૦૦ |
| ધાણા | ૨૩૦૦ | ૨૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૫૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૬૫૦ |
| વટાણા | ૪૫૫ | ૭૯૫ |
| કલોંજી | ૧૩૦૦ | ૩૩૯૫ |
| રાજમા | ૧૫૦૦ | ૧૫૯૫ |




**લાગે તો તીર :- બેરાલાલ વળી પાછાં આજે વીલે મોંઢે, ઘસાઈ ગયેલા ટાયર જેવાં દેખાયા**

# અમદાવાદમાં પાયલોટે પ્લેન ક્રેશ કરેલું ?



અમદાવાદ પ્લેન ક્રેશ માટે કોણ જવાબદાર ?

અમદાવાદ એરપોર્ટથી લંડન જતી ફ્લાઈટ તૂટી પડી એ દુર્ઘટનાને એક વર્ષ થઈ ગયું પણ હજુ આ સવાલનો જવાબ મળ્યો નથી. અમદાવાદ એરપોર્ટથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ બી ૭૮૭ ટેકઓફ કર્યાના થોડી મિનિટોમાં જ તૂટી પડી હતી. વિમાન રનવે ૨૩ પરથી બપોરે ૧:૩૯ વાગ્યે ટેકઓફ થયું અને પાંચ મિનિટમાં જ ક્રેશ થઈને અમદાવાદના મેઘાણીનગરમાં બી.જે. મેડિકલ કોલેજની હોસ્ટેલ પર વિમાન તૂટી પડ્યું હતું. ટેક ઓફ થયાની માત્ર ૩૨ સેકન્ડમાં અને ૧.૭ કિલોમીટરની મુસાફરી પછી વિમાન ક્રેશ થયું ત્યારે તેમાં ૨૩૦ મુસાફરો અને ૧૨ ક્રૂ સભ્યો સહિત ૨૪૨ લોકો સવાર હતા. આ પૈકી ૨૪૧નાં મોત થયાં જ્યારે એક જ નસીબદાર પ્રવાસી બચી ગયા હતા.

આ નસીબદાર પ્રવાસીનું નામ વિશ્વાસકુમાર રમેશ છે.

જો કે યુકેના લેસ્ટરમાં રહેતા વિશ્વાસને નસીબદાર ગણવા કે કેમ એ સવાલ છે કેમ કે વિશ્વાસનો નાનો ભાઈ અજય એ જ ફ્લાઈટમાં થોડી સીટો દૂર બેઠો હતો અને અકસ્માતમાં તેનું મૃત્યુ થયું હતું. વિશ્વાસ સારવાર લીધા પછી લેસ્ટરમાં પોતાના ઘરે પાછા ફર્યો પણ શાંતિથી જીવી શકતો નથી. વિશ્વાસ કુમાર રમેશ પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસઓર્ડર **(PTSD)** થી પીડાઈ રહ્યા છે અને દુર્ઘટનાના વરસ પછી પણ પોતાનાં પત્ની અને ચાર વર્ષના પુત્ર સાથે વાત કરી શકતા નથી. બીજી પણ ઘણી માનસિક સમસ્યાઓ છે તેથી વિશ્વાસ કુમાર માટે જીંદગી પહેલાં જેવી નથી જ.

બીજા પરિવારો માટે તો સ્થિતી વધારે ખરાબ છે કેમ કે દુર્ઘટનનાના એક વરસ પછી પણ મૃતકોના પરિવારોને કળ વળી નથી. મૃતકોમાં ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ હતા. વિજયભાઈ દીકરીને ત્યાં રહેતાં પત્નીને લેવા લંડન જઈ રહ્યા હતા પણ અનંત યાત્રાએ ઉપડી ગયા. પ્લેન હોસ્ટેલ પર પડ્યું તેમાં મેડિકલ સ્ટુડન્ટ અને સ્ટાફ પણ માર્યો હતો અને એ લોકો તો વગર વાંકે મોતને ભેટ્યા. મૃતકોના પરિવારોને કંપની તરફથી વળતર મળ્યું જ્યારે વિમાનમાં નહોતા બેઠા છતાં ગુજરી ગયેલાં લોકોના પરિવારોની તો કોઈ કાળજી પણ નથી લઈ રહ્યું.

■■■

પ્લેન ક્રેશની તપાસ ક્યાં સુધી પહોંચી ?

મૃતકોના પરિવારોએ સહન કરવી પડતી અનેક પિડાઓ વચ્ચે સૌથી મોટી પિડા એ છે કે, મોતને ભેટનારાં લોકોના પરિવારોને પોતાનું સ્વજન કઈ રીતે ગુજરી ગયું તેની જ ખબર નથી. પ્લેન ક્રેશનાં કારણોની તપાસ ચાલી રહી છે પણ વરસ પછી પણ સાચું કારણ ખબર પડી નથી. દુર્ઘટનાના મહિના પછી એટલે કે જુલાઈમાં એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો દ્વારા પ્રકાશિત કરાયેલા પ્રારંભિક અહેવાલમાં દાવો કરાયેલો કે ટેકઓફ પછી થોડી જ સેકન્ડોમાં બંને એન્જિનને ફ્યુઅલ પુરવઠો બંધ થઈ ગયો હતો તેથી પ્લેન તૂટી પડ્યું પણ વરસ પછી પણ ફ્યુઅલ પુરવઠો કેમ બંધ થઈ ગયેલો તેની તો ખબર પડી જ નથી.

ભારતના એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો **(AAIB)** છેલ્લા એક વર્ષથી તપાસ કરે છે પણ હજુ અંતિમ રીપોર્ટ તૈયાર થતાં બે મહિના લાગશે એવું કહેવાય છે. માર્યા ગયેલા મુસાફરો અને ક્રૂમાંથી ૧૬૯ ભારતીય નાગરિકો અને ૫૨ બ્રિટિશ નાગરિકો હતા તેથી આ તપાસમાં યુકે પણ જોડાયું હતું. વિમાન અમેરિકન કંપનીનું હતું તેથી અમેરિકા પણ તપાસમાં જોડાયું હતું. ૧૯ લોકો જમીન પર માર્યા ગયા હતા અને એ બધા ભારતીયો હતા.



**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા

બ્રિટિશ એર એક્સિડન્ટ્સ ઈન્વેસ્ટિગેશન બ્રાન્ચે ચાર લોકોની ટીમ મોકલી હતી જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ **(NTSB)** એ તપાસમાં મદદ કરવા માટે 'ગો ટીમ' મોકલી હતી. પ્લેનનું એન્જિન બનાર જીઈ એરોસ્પેસે એક ટીમ મોકલીને કોકપીટ ડેટાનું વિશ્લેષણ કર્યું છતાં હજુ સુધી સાચું કારણ ખબર પડી નથી. કેન્દ્ર સરકારનું નાગરિક ઉડ્ડયન મંત્રાલયે પણ સમાંતર તપાસ કરી છે પણ હજુ સુધી નથી રીપોર્ટ બહાર પાડ્યો કે નથી ક્રેશ થવા માટેનું કારણ જણાવ્યું. અત્યારે જાહેરાત કરાઈ છે કે, બે મહિનામાં દુર્ઘટનાનું કારણ બહાર પડાશે પણ અત્યાર સુધીનો અનુભવ જોતાં ખરેખર રીપોર્ટ બહાર પડશે અને સાચું કારણ જાણવા મળશે કે કેમ તેમાં શંકા છે.

■■■

પાયલોટે ઈરાદાપૂર્વક પ્લેન ક્રેશ કરેલું ?

એક થીયરી એવી પણ વહેતી થઈ છે કે, ફ્લાઈટના પાયલોટ કેપ્ટન સુમિત સભરવાલે ઈરાદાપૂર્વક એરલાઈનરને ક્રેશ કર્યું હતું. ફ્લાઈટમાં બે પાયલોટમાંથી સભરવાલ સીનિયર હતા. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો **(AAIB)**ના રીપોર્ટે પ્રમાણે, ટેકઓફ પછી તરત જ બંને એન્જિનની ફ્યુઅલ કંટ્રોલ સ્વીચ 'રન' થી 'કટ-ઓફ' સ્થિતિમાં આવી ગઈ હતી. તેના કારણે એન્જિનને ફ્યુઅલ મળવાનું બંધ થઈ જતાં વિમાન તૂટી પડ્યું.

વિમાનને મળતું ફ્યુઅલ કોણે બંધ કર્યું તેનો કોઈ સ્પષ્ટ જવાબ નથી મળતો પણ કોકપીટના ઓડિયો રેકોર્ડિંગમાં એક પાઈલટ બીજાને પૂછે છે કે, 'કટ-ઓફ' કેમ કર્યું ? બીજો પાયલટ જવાબ આપે છે કે, પોતે ફ્યુઅલ કટ ઓફ નથી કર્યું.

પાયલોટ વચ્ચેની આ વાતચીતને આધારે પાયલટે ઈરાદાપૂર્વક પ્લેન ક્રેશ કરેલું એવી થીયરી વહેતી કરી દેવાઈ પણ વાસ્તવમાં તપાસ કરનારાંને બંનેમાંથી ક્યો અવાજ ક્યા પાયલોટનો છે તેની જ ખબર નથી. આ સંજોગોમાં કેપ્ટન સભરવાલ પર કેમ શંકા કરાય છે એ સમજાતું નથી. ઉડાન વખતે સહ-પાયલોટ ક્લાઈવ કુંદર વિમાન ઉડાડી રહ્યા હતા જ્યારે કેપ્ટન સભરવાલ મોનિટરિંગ કરી રહ્યા હતા. આ સંજોગોમાં ફ્યુઅલ બંધ કરાયાની ખબર કેપ્ટન સભરવાલને પડી હોય ને તેમણે કેમ કટ ઓફ કરાયું એ સવાલ કર્યો હોઈ શકે છતાં અહીં તો કેપ્ટન સભરવાલને શંકાના દાયરામાં લાવી દેવાયા છે.

આ દાવા અમેરિકાની ન્યુઝ એજન્સી અને અખબાર વોલ સ્ટ્રીટ જર્નલમાં કરાયેલા છે. અમેરિકાની બોઈંગ કંપનીને બચાવવા માટે આ પ્રકારની વાતો વહેતી કરાઈ હોવાનું મનાય છે. બોઈંગ કંપનીનો વાંક નિકળે તો એર ઈન્ડિયા તેની પાસે જંગી વળતર માગી શકે. અમેરિકાના કાયદા પ્રમાણે આ વળતર અબજો ડોલરનું હોઈ શકે તેથી વળતરથી બચવા કેપ્ટન સભરવાલને બલિનો બકરો બનાવવાનો દાવ ખેલાઈ રહ્યો છે. બાકી સભરવાલ માટે પ્લેન ક્રેશ કરવા માટે કોઈ કારણ નહોતું. કેપ્ટન સભરવાલ અપરિણિત હતા ને પિતા સાથે એકલા રહેતા હતા. તેમના પિતા પણ એવિએશન ઓફિસર હતા તેથી આર્થિક રીતે તકલીફ નહોતી એ જોતાં સભરવાલ કેમ પ્લેન ક્રેશ કરે ?

■■■

પ્લેન ક્રેશનું સાચું કારણ શું ?

વિમાનની ટેકનોલોજીના જાણકારોના મતે, વિમાન દુર્ઘટના માટે બોઆંગની ખામીપૂર્ણ ટેકનોલોજી જવાબદાર છે. નિષ્ણાતોનો એક વર્ગ માને છે કે, આ ખામીના કારણે વિમાનના મુખ્ય ફ્લાઈટ કમ્પ્યુટર્સ ટેકઓફની સેકંડોમાં જ રીબૂટ થવા લાગ્યા હતા. મતલબ કે, ટેકઓફ થયું તેની સેકંડો પછી જ પ્લેનની મુખ્ય સિસ્ટમ કામ કરતી નહોતી. તેના કારણે વિમાનની સિસ્ટમોને થોડા સમય માટે એવું લાગ્યું કે, વિમાન ખરેખર જમીન પર છે પણ વાસ્તવમાં પ્લેન હવામાં હતું. સીક્યુરિટી સિસ્ટમે આ સ્થિતીને એન્જિન થ્રસ્ટ ડેન્જર લેવલ પર હોવાનું માનીને ફ્યુઅલ પુરવઠો કાપી નાખવાનો કમાન્ડ આપી દીધો. તેના કારણે ફ્યુઅલ મળતું બંધ થઈ ગયું અને પ્લેન ક્રેશ થઈ ગયું. એક પણ પાયલોટ કોકપીટમાં ફ્યુઅલ સ્વીચોને અડક્યા જ નહોતા પણ સીક્યુરિટી સિસ્ટમને કારણે ફ્યુઅલનો પુરવઠો બંધ થઈ ગયો.

આ થીયરી સાચી હોય તો બોઈંગ કંપની પર દોષારોપણ થાય કેમ કે પાયલોટે નહીં પણ બોઈંગની સિસ્ટમે ફ્યુઅલ બંધ કર્યું હોવાનું સાબિત થાય. બોઈંગ એવું બે કારણસર ના ઈચ્છે. પહેલું કારણ જંગી વળતર આપવું પડે ને બીજું કારણ એ કે, બોઈંગનાં વિમાનોની ખરીદીને ફટકો પડે. બોઈંગ કંપની પોતાના ધંધાને નુકસાન ના થાય એટલે અમેરિકાની સરકાર મારફતે ભારત પર દબાણ લાવીને કેપ્ટન પર દોષનો ટોપલો ઢોળી દેવા માટે મથતી હોય એ શક્ય છે. ■

sanjogpurti@gmail.com

# મરેલા બાકસને જીવંત કરવાનો મંત્રઃ એક રાષ્ટ્રીય ચિંતન




આપણા મહાન દેશમાં દર થોડા થોડા સમયે ડીઝલ અને પેટ્રોલની તંગી ઊભી થયા જ કરે છે, એ કંઈ નવી વાત નથી. અને એની સાથોસાથ દેશનું પેટ્રોલ-ધન અને ડીઝલ-ધન બચાવવાના અવનવા કીમિયાઓ શીખવતી સંસ્થાઓ પણ મશરૂમની જેમ ફૂટી નીકળે છે. આ સંસ્થાઓ પોતાના ભાષણબાજીના અને લેખબાજીના ધંધાઓ ધમધોકાર ચલાવે રાખે છે. સ્ટેજ પરથી ગળું ફાડી-ફાડીને ઊર્જા બચાવવાના ભાષણો ઠોકવામાં આવે છે, પણ અફસોસ! સંત બુબુડાનાથ સિવાય આ દેશમાં કોઈએ એવું વિચાર્યું જ નથી કે દેશના 'બાકસ ધન'ને પણ બચાવવાની એટલી જ પરમ જરૂર છે. જરા ઊંડા ઉતરીને વિચારો, જો બાકસ જ ન હોય, તો કાળી મજૂરી કરીને બચાવેલું પેટ્રોલ અને ડીઝલ પણ કઈ રીતે સળગી શકે? કેરોસીનનો દીવો કેમનો થાય? અરે, શિયાળાની ગુલાબી ઠંડીમાં તાપણું કરવા માટેના લાકડા પણ બાકસ વગર સળગી શકે નહીં! આમ છતાં, આખા દેશમાં કોઈને પડી જ નથી કે બાકસ કઈ રીતે બચાવી શકાય.

**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા

અહીં હું કોઈ સામાન્ય કે નવા-નકોર બાકસની વાત નથી કરી રહ્યો. હું ખાસ કરીને એવા બાકસની વાત કરી રહ્યો છું કે જે ઓલરેડી 'ડેડ' એટલે કે પરમધામ સિધાવી ગયું છે. કલ્પના કરો, તમે રસ્તા પર જઈ રહ્યા છો ને અચાનક ધોધમાર વરસાદ આવે અને તમારા ખિસ્સામાં રહેલું બાકસ સદંતર ડેડ થઈ જાય. અથવા તમે ભારે રોમાંચમાં આવીને સ્વિમિંગ પૂલમાં નાહવા કૂદી પડ્યા અને ભાન ભૂલ્યા કે ગજવામાં તો બાકસ હતું, ને ક્ષણભરમાં તમારું બાકસ ડેડ થઈ જાય. ક્યારેક વળી ઘરમાં શાંતિથી બેઠા હોઈએ અને વરસાદની બારીમાંથી અચાનક વાછટ આવે અને ટેબલ પર પડેલું બાકસ મરણને શરણ થઈ જાય. આવી કટોકટીની સ્થિતિમાં દેશના બેજવાબદાર અને ઉડાવ નાગરિકો શું કરે છે? તેઓ જરાય અચકાયા વિના આ પવિત્ર બાકસને 'ફેંકાઈમાન' કરી દે છે, એટલે કે સીધું કચરાપેટીમાં ફેંકી દે છે!

આ રીતે ભીંજાઈ ગયેલા અને મરણતોલ બનેલા બાકસને આમતેમ ફેંકી દેવાની દેશમાં વધતી જતી ચિંતાજનક ઘટનાઓ અંગે મેં અને સંત શ્રી બુબુડાનાથે રાત-દિવસ ગહન મનન, ચિંતન અને વૈજ્ઞાનિક અનુસંધાન કર્યું છે. અમને ભારે આઘાત લાગ્યો કે લોકો રાષ્ટ્રીય સંપત્તિનો આ રીતે વેડફાટ કરે છે. છેવટે, અમારા અથાક પ્રયત્નો અને તપસ્યાના અંતે અમે એ પરમ સત્ય શોધી કાઢ્યું છે કે મૃતપ્રાય થઈ ગયેલું બાકસ તેની તમામ દિવાસળીઓ એટલે કે કાંડીઓ સાથે ફરીથી નવજીવન મેળવી શકે છે, અર્થાત જીવંત થઈ શકે છે! ઈતિહાસ સાક્ષી છે કે પ્રભુ ઈસુએ જે રીતે મરેલા માણસને ઊભો કરીને જીવતો કર્યો હતો, બરાબર એ જ દિવ્ય ચમત્કારિક શક્તિથી તમે પણ તમારા ઘરના મરેલા બાકસને અડીખમ જીવતું કરી શકો છો.

હવે હૃદય મજબૂત રાખીને સાંભળો આ મરેલા બાકસને સજીવન કરવાનો સચોટ અને રામબાણ ઉપાય. સૌ પ્રથમ, આત્મવિશ્વાસ સાથે મરેલા બાકસને પકડો અને તેને અત્યંત આદરપૂર્વક તમારા હાથમાં પધરાવો. ત્યારબાદ, કોઈ કુશળ સર્જનની જેમ તે ખોખામાં રહેલી તમામ ભીંજાયેલી દિવાસળીઓને એક પછી એક બહાર કાઢો. હવે, પ્રકૃતિના સૌથી મોટા હીલર એવા સૂર્યનારાયણના શરણમાં જાઓ અને આ તમામ દિવાસળીઓને સૂર્યપ્રકાશમાં લાઈનસર ગોઠવીને મૂકો. બરાબર બે કલાક સુધી તેને કુદરતી ઓક્સિજન અને ગરમી મળવા દો. બે કલાકના તપ પછી, તે તમામ દિવાસળીઓ ફરીથી બાકસના ખોખામાં ભરી લો, કારણ કે ચમત્કાર થઈ ચૂક્યો હશે અને તમારું મરેલું બાકસ સજીવન થઈ ગયું હશે!

હવે આ વૈજ્ઞાનિક અખતરો સફળ થયો છે કે નહીં તેની ખાતરી કરવા માટે, ભીના થયેલા બાકસના સાઈડના ભાગ પર એક દિવાસળી જોરથી ઘસો. સરરર કરતીકને જેવી દિવાસળી સળગે, એટલે આ દિવાસળી વડે ગમે તે કંઈ પણ સળગાવો. પણ હા, એક ખાસ વૈધાનિક ચેતવણી! હું અહીં કંઈ આખું ગામ સળગાવવાની વાત નથી કરી રહ્યો, અને મારા પરમ પૂજ્ય સંત શ્રી બુબુડાનાથ પણ દેશ સળગાવવાની કુબુધ્ધિ આપતા નથી. અમે તો બહુ જ સલૂકાઈથી, દેશહિતમાં ઘરનો ચૂલો અથવા આંગણાનો કચરો એવું કંઈક સળગાવવાની વાત કરીએ છીએ. તો આજથી જ બાકસ ફેંકવાનું બંધ કરો અને બાકસ-ઉદ્ધારકના પવિત્ર મિશનમાં જોડાઈ જાઓ! ■

naranbaraiya277@gmail.com

# શિક્ષણની ગુણવત્તા ક્યારે વધશે?



કોઈપણ રાષ્ટ્રની ઉન્નતી તેના શિક્ષણને આભારી છે. શિક્ષણએ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રાચીન સમયગાળા દરમિયાન ગુરુકુળમાં વિદ્યાર્થીઓને ગુરુદેવ દ્વારા મૂલ્યો, સત્ય, પરંપરા, આધ્યાત્મિકતા, રાષ્ટ્રપ્રેમ અને માનવતાના ગુણો સાથે જીવદયા માટેની કેળવણી આપવામાં આવતી હતી. ગુરુકુળમાં ભણેલો વિદ્યાર્થી ગુરુને વચન આપતો હતો કે હું મારા જીવનના સમયગાળા દરમિયાન આપે જે મને વચન અને શિક્ષણ આપ્યું છે તે પ્રમાણે જીવન જીવવા પ્રયાસ કરીશ અને તે માર્ગે ચાલવા પ્રયત્ન કરીશ.

અંગ્રેજોની મેકોલો સિસ્ટમથી ચાલતી વ્યવસ્થાના કારણે પ્રાચીન ભારતના વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત તેમજ અન્ય પ્રાચીન સંશોધિત ગ્રંથો અને આપણી પ્રાચીન વિદ્યાપીઠોના આચાર્યો દ્વારા થયેલા સંશોધિત ગ્રંથો આ રાષ્ટ્રની સાચી ઓળખ છે. તે ગ્રંથો સુધી ન પહોંચ્યા એટલે આપણે ૨૦૦ વર્ષ સુધી અંગ્રેજોના ગુલામ બન્યા. અંગ્રેજી કેળવણીએ માત્ર ભારતીય પ્રજા પર વજ્રઘાત હતો.

દેશ આઝાદ થયો છતાં પણ હજી અંગ્રેજોના સમયના કાયદાઓ અને નિયમોને અધિનિયમો ચાલી રહ્યા છે! દેશમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ થવા જઈ રહ્યો છે ત્યારે બાળકોની અંદર જે સુષપ્ત શક્તિઓ પડેલી છે તેને કૌશલ્યના માર્ગે બહાર લાવવાનું સમય આવી ગયો છે.આજે માત્ર ડિગ્રીઓ પૂરતું શિક્ષણ થઈ ગયું છે. શિક્ષણ એક વેપાર બની ગયો છે. જ્યાં માત્ર લક્ષ્મીચંદો શિક્ષણના નામે લોહી ચૂસે છે. શિક્ષણએ સાર્વત્રિક પ્રક્રિયા છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ મુજબ ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને ફરજિયાત અને મફત શિક્ષણ આપવાનો કાયદો છે.આજે ગ્રાન્ટેડ શાળાઓ અને સરકારી શાળાઓ ધીમે ધીમે ઓછી થઈ રહી છે તેની પાછળનું મૂળ કારણ શિક્ષણનો વ્યાપાર છે. ગુજરાતના મૂળધન્ય સાહિત્યકારો અને કેળવણીકાળોનાં શબ્દોમાં કહીએ તો બાળકોને શિક્ષણ સાથે સાથે કેળવણી આપવાની છે. ડિગ્રીઓ શિક્ષણ માત્ર પ્રમાણપત્ર છે. માનવતાના દીવડા જ્યારે શિક્ષણ થકી પ્રગટ થશે તે સમયે ભારત દિવ્ય અને ભવ્ય બનશે. આજે તો વધુ ભણેલો વધુ કરપ્શન કરે છે. અભણને બૌધ્ધિક જાસૂસી અને અમીચંદની જેમ ગદ્દાર બનવાનું નસીબ નથી. તેમનામાં અભણ હોવા છતાં રાષ્ટ્ર પ્રત્યેની ભાવના જોવા મળે છે. આજે સ્કૂલોમાં ડ્રોપ આઉટ, પ્રિસર્વે, આભાકાર્ડ, વસ્તી ગણતરી જેવી અસંખ્ય કામગીરી સાથે શિક્ષકને જોતરી દીધો છે. વર્ગખંડમાં ભારતનું ભવિષ્ય ઘડાઈ રહ્યું છે તેવું કોઠારી કમિશનને કહ્યું છે. ભવિષ્યને ઘડવા માટે જ શિક્ષક જ વર્ગમાં નહીં હોય તો કઈ રીતે રાષ્ટ્ર સબળ બનશે. કેટલાક નીતિવિષયક નિર્ણયો વિદ્યાર્થીઓના હિતાર્થે લેવા પડશે. બીજા અનેક વિભાગો અને બેકારોની ફોજ છે તેમને આવા કામ આપવા જોઈએ.જેથી શિક્ષણની ગુણવત્તા વધી શકે.



**સામાજિક અને શૈક્ષણિક**
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

સમયસર શિક્ષકોની ભરતી થવી જોઈએ. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ અંતર્ગત ૬ ટકા બજેટ શિક્ષણ પાછળ વાપરવાનું છે. તેવા સમયે અંતરિયાળ વિસ્તારમાં ધૂણી ધખાવીને કાર્યકર્તા શિક્ષકો આ દેશની ધરોહર છે. શિક્ષકો ચોકસાઈથી કામ કરે છે એટલે જ તેમને બધી જ કામગીરી સોંપી દેવામાં આવે છે. ચાણક્યના વારસો હોવાથી તેમનો અંતરઆત્મા બાળકોના હિતાર્થે કાર્ય કરવાની નૈતિકતા નિર્માણ કરે છે. શિક્ષક અસાધારણ અને દેશનો આધારભૂત સ્ત્રોત છે. ડ્રોપઆઉટ બાળકોના વાલીઓની પણ જવાબદારી ફિક્સ કરવાની જરૂર છે. સ્કૂલમાં મોકલે નહીં ઓનલાઈન હાજરી પુરવાની હોય એટલે હાજર ન હોય એટલે ગેરહાજર બતાવવો પડે. શાળામાં લાવવા માટે ઘણા બધા શિક્ષકો માનવતાના ધોરણે પ્રયાસ કરતા હોય છે.પરંતુ બાળક ભણવા જ ના માગતો હોય ત્યારે તેના કારણો શોધવા જોઈએ.તેમજ તેના પાછળ કેટલાય કારણો છે જેમ કે ગરીબી, નાના ભાઈ બેનને રાખવા, દાળી મજૂરી જવું, માતાપિતાની અજ્ઞાનતા, નાની ઉંમરે લગ્ન કરી દેવા આવા અનેક કારણો જવાબદાર છે. વેકેશનના સમયગાળા દરમિયાન ઘણા બધા શિક્ષક મિત્રોએ ડ્રોપઆઉટ ઘટાડવા માટે સરકારના મિશનને સાકાર અને આકાર બનાવવા માટે ઘરે-ઘરે ફર્યા અને બાળકોનું નામાંકન થાય એવા પ્રયાસો કર્યા છે. પરંતુ પ્રાથમિક શિક્ષકનો બેજ મજબૂત કરવો હોય તો વર્ગની અંદર શિક્ષક હોવો જોઈએ જે બાળકોને પાયાનું જ્ઞાન અને શિક્ષણ આપી શકે. બાળકોના શિક્ષણ માટે સૌએ સાથે મળી સમર્થ પ્રયાસ કરવાની જરૂર છે.સરકારે પણ સમયસર આચાર્યશ્રી, ક્લાર્કશ્રી, શિક્ષકશ્રી, પટાવાળાની ભરતી કરવી જોઈએ.

શિક્ષણની વ્યવસ્થામાં સૌએ સહયોગ આપવો જોઈએ. બાળકો આપણા અન્નદાતા છે.તેમના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.આજે જે આપણે હોદ્દા અને સમાજમાં પ્રતિષ્ઠાવાળું સ્થાન ધરાવીએ છે તેના કેન્દ્રસ્થાને બાળકો રહેલા છે. આપણો અંતર આત્મા બાળકોના હિતાર્થે જ હોવો જોઈએ તે જ સાચી શિક્ષા અને દીક્ષા હશે. બાળદેવો ભવઃ ■

Mo.9825702282

# શારીરિક સ્વાસ્થ્ય, પોષણ અને યોગ વિષે જાણો



શારીરિક સ્વાસ્થ્ય, સંતુલિત પોષણ અને યોગ એકબીજાના પૂરક છે. આ ત્રણેયનું યોગ્ય સમન્વય વ્યક્તિના શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

૧. શારીરિક સ્વાસ્થ્યનું મહત્વ

શારીરિક સ્વાસ્થ્ય એટલે શરીરની તમામ પ્રણાલીઓનું યોગ્ય રીતે કાર્ય કરવું અને વ્યક્તિનું રોગમુક્ત, સ્ફૂર્તિમય અને કાર્યક્ષમ રહેવું. સારું સ્વાસ્થ્ય વ્યક્તિને દૈનિક કાર્યો સરળતાથી કરવા અને જીવનની ગુણવત્તા વધારવામાં મદદ કરે છે. શારીરિક સ્વાસ્થ્ય **(Physical Health)** એટલે શરીરની એવી સ્થિતિ જેમાં વ્યક્તિના શરીરના તમામ અંગો અને પ્રણાલીઓ યોગ્ય રીતે કાર્ય કરે છે, વ્યક્તિ રોજિંદા કાર્યો સરળતાથી કરી શકે છે અને રોગો સામે લડવાની ક્ષમતા સારી હોય છે. સારું શારીરિક સ્વાસ્થ્ય વ્યક્તિના સર્વાંગી વિકાસ, કાર્યક્ષમતા અને જીવનની ગુણવત્તા માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

૧. શારીરિક સ્વાસ્થ્યનો અર્થ:

શારીરિક સ્વાસ્થ્ય એ માત્ર રોગનો અભાવ નથી, પરંતુ શરીરનું યોગ્ય પોષણ, નિયમિત કાર્યક્ષમતા, પૂરતી ઊર્જા, તંદુરસ્ત જીવનશૈલી અને માનસિક સંતુલન સાથેનું સુખાકારીપૂર્ણ જીવન છે.

૨. શારીરિક સ્વાસ્થ્યના મુખ્ય ઘટકો:

સંતુલિત આહાર: શરીરને જરૂરી કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, ચરબી, વિટામિન, ખનિજ અને પાણી યોગ્ય માત્રામાં મળવું.

નિયમિત કસરત: દરરોજ ઓછામાં ઓછા ૩૦–૬૦ મિનિટ ચાલવું, યોગ, દોડવું અથવા અન્ય શારીરિક પ્રવૃત્તિ કરવી.

પૂરતી ઊંઘ: વયસ્કો માટે સામાન્ય રીતે ૭–૯ કલાક અને બાળકો માટે તેમની ઉંમર અનુસાર વધુ ઊંઘ જરૂરી છે.

વ્યક્તિગત સ્વચ્છતા: રોજ સ્નાન કરવું, હાથ ધોવા, દાંત સાફ કરવા અને સ્વચ્છ કપડાં પહેરવા.

રોગપ્રતિકારક શક્તિ: યોગ્ય પોષણ, રસીકરણ અને સ્વસ્થ જીવનશૈલી દ્વારા શરીરની રક્ષણાત્મક ક્ષમતા વધે છે.

શારીરિક ક્ષમતા: શરીરની સહનશક્તિ, લવચીકતા, શક્તિ અને સંતુલન જાળવવું.

૩. શારીરિક સ્વાસ્થ્યનું મહત્વ:

શરીરને ઊર્જાવાન અને સક્રિય રાખે છે.

રોગોનું જોખમ ઘટાડે છે.

કાર્યક્ષમતા અને ઉત્પાદનક્ષમતા વધારે છે.

બાળકોના યોગ્ય વૃધ્ધિ અને વિકાસમાં મદદરૂપ બને છે.

વૃધ્ધાવસ્થામાં પણ સ્વતંત્ર રીતે જીવન જીવવાની ક્ષમતા જાળવવામાં સહાય કરે છે.

માનસિક સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસમાં સુધારો કરે છે.

૪. સારું શારીરિક સ્વાસ્થ્ય જાળવવાના ઉપાયો:

(અ) સંતુલિત આહાર

રોજ લીલા શાકભાજી, ફળો, દાળ, અનાજ, દૂધ અને દૂધની બનાવટોનો સમાવેશ કરો.

વધુ તેલયુક્ત, મીઠું અને ખાંડવાળા ખોરાકનું પ્રમાણ મર્યાદિત રાખો.

પૂરતું પાણી પીવું.

(બ) નિયમિત વ્યાયામ

દરરોજ ચાલવું, યોગ, સાયકલિંગ અથવા રમતગમતમાં ભાગ લેવો.

લાંબા સમય સુધી સતત બેસી રહેવાનું ટાળવું.

(ક) પૂરતી ઊંઘ

નિયમિત સમયે સૂવાની અને જાગવાની ટેવ રાખવી.

સૂતા પહેલાં મોબાઈલ અથવા સ્ક્રીનનો વધુ ઉપયોગ ટાળવો.

(ડ) સ્વચ્છતા

ભોજન પહેલાં અને શૌચાલય બાદ હાથ સાબુથી ધોવા.

દાંત દિવસમાં બે વખત સાફ કરવા.

નખ અને વાળની નિયમિત સફાઈ રાખવી.

(ઈ) તણાવનું સંચાલન

ધ્યાન **(Meditation)**, યોગ અને શ્વાસની કસરતો કરવી.

પરિવાર અને મિત્રો સાથે સકારાત્મક સમય વિતાવવો.

(ફ) નિયમિત આરોગ્ય તપાસ

સમયાંતરે બ્લડ પ્રેશર, બ્લડ શુગર અને અન્ય જરૂરી આરોગ્ય તપાસ કરાવવી.

ડૉક્ટરની સલાહ મુજબ રસીકરણ અને સારવાર લેવી.

hemangidmehta@gmail.com


વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

# બેરાલાલ વળી પાછાં આજે વીલે મોંઢે, ઘસાઈ ગયેલા ટાયર જેવાં દેખાયા




બેરાલાલ વળી પાછાં આજે વીલે મોંઢે, ઘસાઈ ગયેલા ટાયર જેવાં દેખાયાં. ટાયરમાં પંકચર પડે અને ટાયર ભટિંગ ભટિંગ હાલે. એવી હાલત બેરાલાલની હતી. અભણ અમથાલાલને હમજતાં વાર નો લાગી કે આજકાલ દરેક છોકરાનાં મા બાપની લગભગ આવી જ હાલત છે. છોકરાઓ વરતાં નથી. અને છોકરીવાળાને હારા છોકરાં મળતાં નથી. આવી વિચિત્ર કઠણાઈના શિકાર બેરાલાલ બન્યાં છે.

આવાં વિચિત્ર સમયે તમે છોકરાનું કોઈ હાસુ ખોટું ઠેકાણું નો બતાઓ તો કાંઈ નહીં. પણ, હાસો સધિયારો આપવો જરુરી છે. એટલે અમથાલાલે બેરાલાલના ખભે હાથ મૂકીને કહ્યું.

"બેરાલાલ! છોકરાઓ મોટી ઉંમરનાં થાય અને વરે નહીં, આના માટે આવડી મોટી ચિંતા નો કરાય ! આ સમસ્યા ઘરે ઘરે અને હારા ઘરે'ય છે. આવાં કાળાં તડકામાં કૂતરાં'ય જપી ગયાં છે. અને તમે આમ ચપ્પલ ઘસો છો!!"

"તમારી વાત હાચી છે. પણ અમારી જેવાં ગરીબની હામે કોણ જૂએ!? પૈસાવાળાના તો વહેલાં મોડા પરણી'ય જાહે. પણ અમારાં??"

"ના ,બેરાલાલ ના. હાવ એવું'ય નથી. આ ફિલ્મ નિર્માતા સલિમખાન નો છોકરો સલમાન હજી વાંઢો જ રખડે છે. કોઈ છોકરી મળી એમને?? એવું જ રાજકારણમાં'ય છે. કોઈ છોકરી દેવા તૈયાર જ નથી. છોકરી પૈસાને પરણાવવી? કે...... એ જ નક્કી નથી થાતું. એટલે આ બાબતે બહું મગજ ઉપર નો લેવું."

"અમથાલાલ! તમે હાવ એવી વાત નો કરો. એકસઠ વર્ષના અમીરખાને હમણાં જ નાની ઉંમરની છોકરી 'ગૌરી સ્પ્રેટ' હારે લગન નો કર્યા!! એક સમયે એમને ભારતમાં રહેવું ગમતું નહોતું. છતાંય ભારતની છોકરી હારે લગન કર્યા ને !! હવે આવાં ત્રણ ત્રણ, ચાર ચાર લગનો કરે પછી આપણાં જેવાનો વારો ક્યાંથી આવે."

"ઠીક છે, ઠીક છે. પણ, તમારો પપુડો તો હમણાં છોકરી જોવા ગ્યો તો ને !! એનું હું થયું?"

"છોકરીઓ તો ઠેક -ઠકાણે છે. ઘરે- ઘરે છે. પણ કોઈ છોકરી હા પાડે તો થાય ને !!"

"કેમ ? છોકરીવાળાઓ હું કહે છે ? તમારો પપુડો ગમતો નથી?"

"છોકરો તો ગમી જ જાય છે. પણ, ડિમાન્ડ મોટી.. મોટી આવે છે."

"ડિમાન્ડ? લગનમાં વળી ડિમાન્ડ??"

"હા..હા.! લગનમાં 'ય હવે ડિમાન્ડ આવી ગઈ છે."

"કેવી ડિમાન્ડ? શું ડિમાન્ડ??"

"ગામડે જમીન જોઈએ. પણ ખેતરનો શેઢોય ચડવો નથી. ઓળ્યે વાકું વળવું નથી. શેરમાં મકાન જોઈએ. હારો ધંધો જોઈએ. ફોર વ્હીલ ગાડી નવાં જેવી જોઈએ. રવિવારે હોટલમાં જ જમવાનું. અને એક જ છોકરો હોવો જોઈએ. લટકાંમાં મા બાપ ગામડે જ રેવા જોઈએ. ભેગાં પોહાંણ નથી."

"બેરાલાલ! તો પછી આવી છોકરીઓને તડકે મૂકાય ને!! છોકરાઓની ક્યાં તાણ છે? પાણી પુરીની લારીએ જૂઓ કેટ -કેટલી છોકરીઓ મધપૂડાની જેમ લટકતી હોય છે. ઈ નહીં તો બીજી!! નકર ત્રીજી."

"બીજી ત્રીજીની ક્યાં માંડો છો! હવે તો સાતમી આઠમી હશે. "

"ઓ..હોં..હોં..!! તમે તો ઓલ્યા માનવ સુથારની જેમ પહેલી જ ટેસ્ટમાં અને પહેલાં જ દાવમાં છ વિકેટ ઝડપી લીધી. એમ તમારાં પપુડાએ હાત હાત છોકરી જોઈ નાંખી!? હા પણ, હંધીય જગ્યાએ વાંધો હું પડ્યો? પપુડાએ ના પાડી કે પપુડી મતલબ છોકરીએ? "

"ના પાડવાનો અધિકાર છોકરાં વાળાને ક્યાં છે? એ અધિકાર તો અબાધિત છોકરીવાળાએ હુવાંગ / અન અધિકૃત કબજો જમાવ્યો છે. કોઈકને અમેરિકામાં રહીને વાસણ ધોતો છોકરો જોઈએ છે. તો કોઈકને આફ્રિકામાં રહીને હોટેલમાં પથારી ફેરવતાં છોકરાંની ડિમાન્ડ કરે છે. તો વળી કોઈકને ઓસ્ટ્રેલિયામાં રહીને કપડાંને ઈસ્ત્રી કરનારો છોકરો જોઈએ છે. અહીં ભારતમાં છોકરાંની ઘરે ત્રણ ત્રણ કામવાળા કામ કરે છે. પણ ઈ મંજૂર નથી.

ભારતનું રાજપાટ મંજૂર નથી. વિદેશનો ઢસરડો હાત વાર મંજૂર છે. હવે તમે જ કહો!! મારે પપુડાને વિદેશ કેમ મોકલવો??"

બનેવીલાલ ક્યારનાં હાંભળી રહ્યા હતાં.

"બેરાલાલ! આ હંધૂય તમારાં હંધાયને કારણે થયું છે."

"અમારાં કારણે? કેવી રીતે?"

"પે'લાંના જમાનામાં છોકરાં હારે જોવાં એનો બનેવી જાતો. કાકો કે ફુવો જાતો. તમે એ ફેરવી નાંખ્યું. હવે

હું તું ને રતનિયો કરી નાંખ્યું છે. કાકાને કે બનેવી ને તો જો ચાંદલો નક્કી થાય તો ખબર પડે છે."

અમથાલાલે કહ્યું

"ઈ વાત તમારી સોળ આના હાસી છે. હગા ભાઈને ચાંદલાનું આગળની રાતે જ આમંત્રણ મળે છે. ગાડી પાટેથી ઉતરી તો ગઈ જ છે. પણ, કરવું શું? ઘરે ઘરે બાયુનું રાજ આવી ગયું છે. હજી બાકી છે તે મહિલાને પચાસ ટકા અનામત આપવી છે. હમજાતું નથી કે, આ બધું ક્યાં જઈને અટકશે!! પણ, હવે બાવા બન્યા હૈ તો હિન્દી તો બોલના પડેગાં. પણ બેરાલાલ! એક કામ કરો ને ! એક અખતરો કરી જૂઓ. પપુડાની હારે બનેવીલાલને છોકરી જોવા મોકલી જૂઓ."

"હા, અખતરો કરવામાં ક્યાં ખરસો છે!??"

પપુડો અને બનેવીલાલનો ખતરા ભર્યો અખતરો શરું થયો.

છોકરીનો સવાલ:- "તમે હું કરો છો?"

પપુડો:- "નાની મોટી નોકરી કરું છું. વધેલાં સમયમાં બાપાને ખેતીમાં મદદ કરું છું."

છોકરી:- "બાપાની જમીન વેચીને વિદેશ જાવાની ગણતરી ખરી ? મારે વિદેશની જ ગણતરી છે." પપુડો છુપ રહ્યો. બનેવીલાલે વાતનો દોર હંભાળયો.

"બેન!! તમે છાપાંમાં 'સંજોગ ન્યૂઝ' વાંચો છો? લ્યો આમાં ઉપરનો ફોટો જોવો."

'કન્યા પધરાવો સાવધાન' વાંચીને મનમાં ગલગલિયાં થયાં. પણ ફોટો?

"આ તો મોટી ઉમરનો મુરતિયો લાગે છે !!"


"બેન! બંગલો'ય મોટો અને પૈસા'ય મોટા છે. એ બ્રિટનનાં ધન કુબેર 'સર બેન્જામિન સ્લેડ' છે. લગ્ન કરનારને એક વિશાળ મહેલ જેમાં ૫૦ રૂમ, વિશાળ બગીચો અને હાથ ખર્ચી માટે વાર્ષિક ૫૩ લાખ રૂપિયા મળશે. બસ! તમારે એને એક વારિસ આપવાનો છે. "વિદેશની ઘેલશાવાળાએ આ બાબત વિચાર કરવા જેવો ખરો?? ■

kalubhaibhad123@gmail.com


લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

# યોગ મટાડે રોગ (૨૧ જૂન વિશ્વ યોગ દિવસ)

યોગ આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે. સૂર્ય નમસ્કારને 'યોગનો આત્મા' કહે છે. સૂર્ય નમસ્કાર ઘણા બધા યોગ આસનોનું એક જૂથ છે, જે આપણને શારીરિક રીતે ફિટ રાખવાની સાથે માનસિક રીતે પણ સ્વસ્થ્ય રાખે છે.



● પ્રશ્ન : સૂર્ય નમસ્કાર શું છે?

જવાબ : સૂર્ય નમસ્કારનો શાબ્દિક અર્થ છે 'સૂર્યને નમસ્કાર' આ એક યોગાભ્યાસ છે, જેમાં ક્રમિક રીતે ૧૨ અલગ-અલગ આસન કરવામાં આવે છે.

● પ્રશ્ન : સૂર્ય નમસ્કાર ક્યારે કરવા જોઈએ?

જવાબ : સૂર્ય નમસ્કાર સૂર્યોદય સમયે કરવા વધુ સારા છે. પણ, જો તમને કદાચ સવારે સમય ન મળતો હોય, તો તમે સાંજે સૂર્યાસ્ત સમયે પણ કરી શકો છો. જો તમને કોઈ ચોક્કસ સમય ન મળતો હોય તો તમે તમારી અનુકૂળતા મુજબ કોઈપણ સમયે સૂર્ય નમસ્કાર કરી શકો છો. જો કે, સૂર્ય નમસ્કાર કરવા માટે, ખાલી પેટ હોવું જરૂરી છે. સૂર્ય નમસ્કારના ઘણા સ્વરૂપ છે. પણ માત્ર એક જ ફોર્મેટ અપનાવવું જોઈએ અને તેનો નિયમિત અભ્યાસ કરવો જોઈએ.

● પ્રશ્ન : સૂર્ય નમસ્કારમાં કેટલાં આસન છે?

જવાબ : સૂર્ય નમસ્કાર એ ૧૨ ચરણવાળું યોગાસન છે, જેમાં ૮ જુદાં-જુદાં આસન હોય છે.

● પ્રશ્ન : સૂર્ય નમસ્કાર સ્વાસ્થ્ય માટે કઈ રીતે ફાયદાકારક છે?

જવાબ : સૂર્ય નમસ્કારથી માંસપેશીઓ મજબૂત બને છે, માનસિક સ્વાસ્થ્ય સારું રહે છે, વજન જળવાઈ રહે છે, રોગપ્રતિકારક શક્તિ વધે છે, પાચન પ્રક્રિયા સુધરે છે, હૃદય અને શ્વસનતંત્ર સારી સ્થિતિમાં રહે છે અને હોર્મોન સંતુલિત રહે છે.

● પ્રશ્ન : શું સૂર્ય નમસ્કાર કરતા પહેલા વોર્મ અપ જરૂરી છે?

જવાબ : હા, સૂર્ય નમસ્કાર પહેલા વોર્મ અપ મહત્ત્વપૂર્ણ છે. તેનાથી માંસપેશીઓ લવચીક બને છે અને શરીરમાં લોહીનો પ્રવાહ સુધરે છે. જેથી યોગાસન કરવામાં સરળતા રહે છે.

● પ્રશ્ન : સૂર્ય નમસ્કાર કેવી રીતે કરવા?

જવાબ : સૂર્ય નમસ્કારમાં ક્રમ અને શ્વાસની ભૂમિકા મહત્ત્વની છે. એ માટે, પ્રથમ સપાટ જમીન પર એક સાદડી પાથરો. એ પછી, સૂર્ય નમસ્કારના બધાં આસન ક્રમશઃ થોડો-થોડો સમય કરો. તે કેવી રીતે કરવાં જોઈએ, તે નીચેના સૂચકાંકોથી સમજો-

- પ્રણામાસન

આ રીતે કરો : સૂર્યની સામે સીધા ઊભાં રહો અને બંને પગ જોડો, કમરને સીધી રાખો. પછી શ્વાસ લેતી વખતે હાથને છાતીની નજીક લાવો અને શ્વાસ છોડતી વખતે બંને હથેળી જોડી નમસ્કારની સ્થિતિ બનાવો.

- હસ્ત ઉત્તાનાસન

આ રીતે કરો : હવે શ્વાસ લેતી વખતે તમારા બંને હાથ ઉપર ઉઠાવો અને પાછળની તરફ ખેંચો. આ સમયે તમારા બાઈસેપ્સ કાનની નજીક રહે તેની ખાતરી કરો. પછી તમારા આખા શરીરને ધીમે-ધીમે કમરથી પાછળની તરફ વાળો.

- પાદહસ્તાસન

આ રીતે કરો : હવે શ્વાસ બહાર છોડો અને ધડને કમરથી આગળ વાળો અને નીચેની તરફ વાળો. એ પછી તમારા હાથ વડે અંગૂઠાને સ્પર્શ કરો. એ સમયે તમારું માથું તમારા ઘૂંટણને સ્પર્શવું જોઈએ.

- અશ્વ સંચલનાસન

આ રીતે કરો : શ્વાસ લેતી વખતે, બને ત્યાં સુધી જમણા પગને પાછળની તરફ ખસેડો. ઘૂંટણને જમીન પર સ્પર્શ કરો. હવે બીજા પગને ઘૂંટણ પર વાળો અને બંને હથેળી જમીન પર સીધો રાખો. એ પછી, દૃષ્ટિને ઉપરની તરફ લઈ જાવ.

- દંડાસન

આ રીતે કરો : હવે શ્વાસ છોડતી વખતે બંને હાથ અને પગને એક સીધી લાઈનમાં રાખો અને પુશ-અપ સ્થિતિમાં આવો.

- અષ્ટાંગ નમસ્કાર : હવે ધીરે ધીરે શ્વાસ છોડતી વખતે તમારી હથેળીઓ, છાતી, ઘૂંટણ અને પગને જમીન સાથે સ્પર્શ કરો. આ દરમિયાન તમારા હિપ્સને પાછળની તરફ ઊંચા કરો. થોડીવાર આ સ્થિતિમાં રહો અને શ્વાસને રોકો.

- ભુજંગાસન : - આ રીતે કરો : જેને કોબ્રા પોઝ કહે છે. શ્વાસ લેતી વખતે હથેળીઓને જમીન પર રાખો અને જમીન સાથે કમરને સ્પર્શ કરતી વખતે માથું અને ધડને શક્ય તેટલું આકાશ તરફ ઉઠાવો.

- પર્વતાસન :- આ રીતે કરો :પર્વતાસન એટલે એવી મુદ્રા જેમાં શરીરની સ્થિતિ પર્વત જેવી દેખાય. તેને માઉન્ટેન પોઝ પણ કહે છે. આ માટે પુશ-અપ પોઝિશનમાં આવો અને તમારા હિપ્સને ઉપરની તરફ ખેંચો. શ્વાસ છોડતી વખતે ખભા સીધા અને માથું અંદરની તરફ રાખો.

આ પછી, અશ્વ સંચલનાસન, પાદહસ્તાસન, હસ્તઉત્તાનાસન અને પ્રણામાસન, આ ચાર આસનો ફરીથી ઉલટા ક્રમમાં કરો. આ રીતે તમારા સૂર્ય નમસ્કારનો એક ક્રમ પૂર્ણ થાય છે.

● પ્રશ્ન : સૂર્ય નમસ્કાર કરતી વખતે શું સાવચેતી રાખવી જરૂરી છે?

જવાબ : સૂર્ય નમસ્કાર કરતી વખતે કેટલીક સાવચેતી રાખવી જરૂરી છે. જો શક્ય હોય તો, સવારે ખાલી પેટે તાજી હવામાં સૂર્ય નમસ્કાર કરો. સવારે સૂર્ય નમસ્કાર કરતી વખતે, પૂર્વ તરફ અને સાંજે પશ્ચિમ તરફ મુખ રાખો. સૂર્ય નમસ્કાર પહેલા વોર્મ અપ કરો. શરૂઆતમાં ધીમે ધીમે કરો અને જરા પણ ઉતાવળ ન કરો. આ યોગાસન ઢીલાં અને આરામદાયક કપડાંમાં કરો. કોઈ પણ આસન અધૂરું ન છોડો. બધાં આસનને ક્રમમાં કરો.યોગ કરતી વખતે, વ્યક્તિએ માત્ર નાકથી જ શ્વાસ લેવો અને છોડવો જોઈએ. બેન્ડિંગ પોશ્ચર કરતી વખતે, વ્યક્તિએ શ્વાસ છોડવો જોઈએ અને ઉપર ખેંચતી વખતે, વ્યક્તિએ શ્વાસ લેવો જોઈએ. સૂર્ય નમસ્કાર કર્યા પછી થોડો સમય આરામ કરો. જો સ્વાસ્થ્ય સંબંધી કોઈ સમસ્યા હોય તો સૂર્ય નમસ્કાર કરતા પહેલાં ડોક્ટરની સલાહ અવશ્ય લો.

● પ્રશ્ન : સૂર્ય નમસ્કાર કેટલા સમય સુધી કરવા જોઈએ?

જવાબ- સૂર્ય નમસ્કાર ૧૨ વાર કરવા જોઈએ. ૧૫થી ૨૦ મિનિટ કરો. જો તમે દરરોજ ૧૨ વાર સૂર્ય નમસ્કાર કરો છો તો અન્ય કોઈ આસન કરવાની જરૂર નથી. તમારી ક્ષમતા અને સમય અનુસાર સૂર્ય નમસ્કારની સંખ્યામાં વધારો કે ઘટાડો કરી શકો છો.

● પ્રશ્ન : સૂર્ય નમસ્કાર કર્યા પછી શું કરવું જોઈએ?

જવાબ : સૂર્ય નમસ્કાર કર્યા પછી, લગભગ ૫-૧૦ મિનિટ શવાસનમાં સૂઈ જાવ અને શરીરને આરામ આપો. શરીરનું તાપમાન અને હૃદયના ધબકારા સામાન્ય થાય પછી અન્ય કામકાજ કરો.

● પ્રશ્ન : કોણે સૂર્ય નમસ્કાર ન કરવા જોઈએ?

જવાબ : (૧) જેમને કાંડામાં ગંભીર ઈજા થઈ હોય કે હર્નિયા હોય (૨) પ્રેગ્નેન્ટ મહિલા (૩) જેમણે તાજેતરમાં કોઈ સર્જરી કરાવી હોય (૪) જેઓ હૃદય રોગ કે બ્લડપ્રેશરથી પીડાતાં હોય (૫) જેમને પીઠની સમસ્યા હોય કે ઘૂંટણમાં દુખાવો થતો હોય તેમણે સૂર્ય નમસ્કાર કરતાં પહેલાં યોગ શિક્ષકની અચૂક સલાહ લેવી જોઈએ. ■

sanjogpurti@gmail.com

યોગ સંયોગ

- નિરાલી સી. પંચાલ (યોગ ટ્રેનર)

# વાદળ સાથે રમ્મત



એક હતો ચીકુ. તમારી જેવો જ નાનો અને તોફાની! ચીકુને રોજ સાંજે ધાબા પર જઈને આકાશ તરફ જોવાની બહુ મજા પડતી. આકાશમાં દોડતાં નાનાં-મોટાં વાદળાંને જોઈ એ ખુશ થતો.

એક દિવસ સાંજે આકાશમાં ધોળાં-ધોળાં, પોચાં-પોચાં રૂ જેવાં વાદળાં દોડાદોડી કરતાં હતાં. એને થયું લાવ ને વાદળભાઈને નીચે બોલાવું! તેણે જોરથી બૂમ પાડી, "વાદળભાઈ! ઓ વાદળભાઈ! તમે જરા નીચે આવો ને! મને તમારી સાથે રમવા લઈ જાવ ને!"

જેવી એણે બૂમ પાડી ને ખરેખર એક નાનું, ગોળમટોળ વાદળું આકાશમાંથી સડસડાટપ સરરરરરપ કરતું નીચે સરક્યું. એ તો ચીકુના ધાબા પર આવીને ઊભું રહી ગયું! એનું નામ હતું 'પમપમ' વાદળ.

પમપમ ચીકુ સામે જોઈને મસ્ત મજાનું હસ્યું. ઘડીભર તો ચીકુ ઊભો જ રહ્યો! એના માન્યામાં જ નહોતું આવતું કે વાદળું છેક નીચે એને મળવા આવ્યું. ચીકુએ એને અડકી જોયું. પમપમ તો ગલગલિયાં થાય એવું મસ્ત મજાનું પોચું-પોચું હતું!

તે બોલ્યું, 'ચીકુ! ચાલ, મારી પીઠ પર બેસી જા, આજે આપણે આકાશની સવારી કરીએ!'

ચીકુ તો રાજી-રાજી થઈ ગયો. એણે 'હુર્રે...'કરીને કૂદકો લગાવ્યો અને પમપમ પર બેસી ગયો.

તે ચીકુને લઈને આકાશમાં ઊડ્યું : 'ઝૂઉઉઉમ... ઝૂઉઉઉમપ'

પવન વાતો હતો : સૂં... સૂં... સૂં...

ચીકુએ નીચે જોયું તો નાનાં-નાનાં ઘર દેખાતાં હતાં અને ચિચૂકડાં-ચિચૂકડાં ઝાડ દેખાતાં હતાં. ચીકુ બોલ્યો, "અરે વાહ, પમપમ! આપણે તો પંખી બની ગયા! સાચે જ, તારી સાથે ઊડવાની મજા પડી!"

આકાશમાં તો વાદળોની મોટી પાર્ટી ચાલતી હતી! પમપમે કહ્યું, "ચીકુ, જો પેલું વાદળ કેવું દેખાય છે?"

એક વાદળ મોટું મોં ફાડીને બોલ્યું: "હાવ્વ... હું તો મોટું ડાયનાસોર છું!"

બીજું એક વાદળ લાંબા કાન કરીને કૂદતું હતું: "હું સસલું છું!" અને ત્રીજું વાદળ તો સૂંઢ હલાવતું બોલ્યું : "હાથીભાઈ તો જાડા...!"

બંને આકાશમાં સંતાકૂકડી રમ્યા. પમપમ ક્યારેક સૂરજદાદાની પાછળ સંતાઈ જાય, તો ક્યારેક ચીકુની આંખ આડે આવી જાય.

ત્યાં જ પમપમ વાદળને મસ્તી સૂઝી! એણે ચીકુના ગાલ પર પાણીના ટીપાંથી ગલીપચી કરી : ટપ... ટપ... ટપ...

ચીકુ બોલ્યો, "ઓયમા... અરે પમપમ, મને બહુ ગલીપચી થાય છે! હાહાહા..." અને ચીકુ તો પેટ પકડીને હસવા લાગ્યો. ચીકુ હસ્યો એટલે પમપમ પણ હસ્યો અને આખું આકાશ ગડગડાટ... ધડધડાટપ કરીને ગાજી ઊઠ્યું!

રમતાં-રમતાં સાંજ પડી ગઈ હતી. સૂરજદાદાએ લાલ-પીળી ચાદર ઓઢી લીધી હતી અને એમને ઊંઘ આવતી હતી. પમપમ વાદળ પણ હવે ગુલાબી-ગુલાબી થઈ ગયું હતું.

તેણે કહ્યું, "ચીકુ, હવે ચાલ ઘરે!"

ચીકુએ કહ્યું, "હા હોં, હવે અંધારું થઈ ગયું છે!"

પમપમ સરરરર... કરતું નીચે આવ્યું અને ચીકુને ધાબા પર ઉતાર્યો. ચીકુએ પમપમને પૂછ્યું, "કાલે ફરી આવીશ ને?" પમપમે આકાશમાં જતાં જતાં ચીકુ પર વરસાદના બે છાંટા નાખ્યા : ટપપ ટપપ ટપપ ■

Mo 9099172177


રે વાર્તા!
મનીષ સુથાર

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# સુવર્ણકાર સંઘ અમરેલી દ્વારા સન્માન સમારોહ યોજાયો







અમરેલી,તા.૧૬

અમરેલી ખાતે સુવર્ણકાર સંઘ અમરેલી દ્વારા તા. ૧૪ જૂન, ૨૦૨૬ના રોજ ભવ્ય સન્માન સમારોહનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સૌહાર્દપૂર્ણ અને ગૌરવસભર વાતાવરણમાં સંપન્ન થયો હતો. કાર્યક્રમ દરમિયાન સુવર્ણકાર સંઘ અમરેલીના પૂર્વ પ્રમુખ અશ્વિનભાઈ પરીખનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સંઘના વિકાસ, એકતા અને સંગઠનને મજબૂત બનાવવા માટે છેલ્લા દસ વર્ષ દરમિયાન તેમણે આપેલા મહત્વપૂર્ણ યોગદાનને ઉપસ્થિત સૌએ બિરદાવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા નિલેશભાઈ લુંભાણીએ સમાજમાં સંગઠનની શક્તિ અને ચોરીના ઘરેણાં સંબંધિત નિયમોની જાગૃતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ધારીના અગ્રણી વેપારી પ્રવિણભાઈ ધકાણની વિશેષ ઉપસ્થિતિ પણ કાર્યક્રમનું આકર્ષણ બની હતી. આ પ્રસંગે અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓ માટે નવા કન્વીનરોની જાહેરાત કરવામાં આવી હતી, જ્યારે સંઘની એડવાઈઝરી કમિટીમાં અનુભવી આગેવાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સુવર્ણકાર સંઘના પ્રમુખ ચંદ્રેશભાઈ ધોળકિયાએ આગામી ત્રણ વર્ષ માટે સંઘની કાર્યયોજનાની રૂપરેખા રજૂ કરી હતી. તેમણે સભ્યોના પ્રશ્નોના નિરાકરણ, સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન, મોટિવેશનલ સેમિનાર, આધુનિક જ્વેલરી ટેકનોલોજી, મશીનરી ડેમો, કારીગર તાલીમ અને વ્યવસાય વિકાસ માટે વિવિધ કાર્યક્રમો યોજવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમ દરમિયાન નવી કારોબારી ટીમ તથા ભારત સુવર્ણકાર સેતુ કારોબારીના સભ્યોની પણ જાહેરાત કરવામાં આવી હતી. અંતમાં ખજાનચી કલ્પેશભાઈ ભડિયાદરાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. ''એકતા અમારી શક્તિ – પ્રગતિ અમારો ધ્યેય''ના સૂત્ર સાથે સંઘે સભ્યોના હિત અને વ્યવસાયના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# સાવરકુંડલાના જૂના સાવર ગામેથી ૮ દિવસથી ગુમ ખેડૂતના અવશેષો મળ્યા: સિંહના હુમલાની આશંકા

અમરેલી,તા.૧૬



અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના જૂના સાવર ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં છેલ્લા આઠ દિવસથી ગુમ થયેલા સ્થાનિક ખેડૂત દિલીપભાઈ દેસાઈના હાડકાં અને અન્ય અવશેષો મળી આવ્યા છે. આ પૂર્વે ગત રોજ તેમના જ ખેતરમાંથી તેમનું ટ્રેક્ટર, બૂટ અને લોહીથી લથબથ કપડાં મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને જોતાં વન વિભાગ અને પોલીસના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સમગ્ર વિસ્તારમાં સઘન સ્કેનિંગ હાથ ધરીને તપાસ શરૂ કરી હતી. સ્થાનિક ગ્રામજનો દ્વારા એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ખેડૂત પર સિંહે હુમલો કર્યો હોઈ શકે છે. હાલમાં મૃતકના અવશેષોને સાવરકુંડલાથી ભાવનગર ખાતે એફ.એસ.એલ. (FSL) લેબોરેટરીમાં પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યા છે. આ એફ.એસ.એલ. રિપોર્ટ આવ્યા બાદ જ ખેડૂતના મોતનાં સાચા કારણ અંગે સત્તાવાર પુષ્ટિ થઈ શકશે.

# અમરેલી-વિસાવદર બ્રોડગેજ લાઈન મુદ્દે વન વિભાગને રજૂઆત

અમરેલી,તા.૧૬




અમરેલીથી ચલાલા-ધારી થઈ વિસાવદર સુધીની બ્રોડગેજ રેલ્વે સુવિધાની વ્યાજબી માંગ સાથે ધારી પત્રકાર સંઘ અને જાગૃત નાગરિકો દ્વારા બિનરાજકીય 'મિશન બ્રોડગેજ કમિટી' હેઠળ જનજાગૃતિ અને સહી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ અંતર્ગત ધારી ગીર પૂર્વ વન વિભાગની કચેરી ખાતે વન સંરક્ષક વિકાસ યાદવને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી. આ સાથે જ માહિતી અધિકાર નિયમ (RTI) હેઠળ વર્ષ ૧૯૪૭થી ૨૦૨૬ સુધીમાં અમરેલી-વિસાવદર ટ્રેક પર ટ્રેનની અડફેટે કોઈ વન્યપ્રાણીનું આકસ્મિક મોત નિપજ્યું છે કે કેમ તેની વિગતો માંગવામાં આવી છે. રજૂઆતકર્તા પત્રકાર હનીફ નાડ સહિતના આગેવાનો સમક્ષ વન સંરક્ષકે હકારાત્મક અભિગમ દાખવતા જણાવ્યું હતું કે વન વિભાગ આ પ્રોજેક્ટમાં ક્યાંય આડખીલીરૂપ બનશે નહીં અને વન્યજીવોની સુરક્ષા માટે અંડરબ્રિજ કે તાર ફેન્સિંગ જેવી વૈકલ્પિક વ્યવસ્થાઓ કરીને પણ લોકહિતમાં કામગીરી કરશે. ધારાસભ્ય જે.વી. કાકડીયા અને વિવિધ સંગઠનોની આ ઉચ્ચ રજૂઆતોથી બ્રોડગેજ સુવિધા વહેલી તકે શરૂ થાય તેવી આશા જાગી છે.

જન્મ મરણ અરજી નં.૨૯/૨૦૨૬

**રાજુલાનાં મહે. એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.રાજુલા**

અરજદારશ્રી :- માણસુરભાઈ કુંભાભાઈ વાઘ
ઉ.વ:૪૪, ધર્મે:હિન્દુ, ધંધો:ખેતી
રહે.મું.કથીવદર, તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
મું.કથીવદર, તા.રાજુલા, જી.અમરેલી.

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના કથીવદર ગામના રહીશ માણસુર કુંભાભાઈ વાઘના સંતાન પુત્ર નં.૩ મિતુલ માણસુરભાઈ વાઘની જન્મ તા.૩૦/૧૨/૨૦૦૬ મિતુલ માણસુરભાઈ વાઘના રોજ રાજુલા તાલુકાના કથીવદર મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી વકીલ શ્રી એસ.બી.શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# વડિયામાં પરિણિતાને સાસરીયા દ્વારા દહેજ બાબતે માનસિક ત્રાસની ફરિયાદ

વડિયા, તા.૧૬

વડિયામાં વધુ એક પરિણીતા દહેજ અને શારીરિક-માનસિક ત્રાસનો ભોગ બની હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. લગ્નના થોડા જ સમયમાં સાસરિયાઓએ અસલી રંગ બતાવવાનું શરૂ કરી, પરિણીતાને ઢોર માર મારી, પહેરેલા કપડે ઘરની બહાર કાઢી મૂકતા આ મામલે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. બનાવ અંગે બગસરામાં રહેતી રૂખસાનાબેન જીકરભાઈ મોરવાડીયા (ઉ.વ.૩૫) એ વડિયામાં રહેતા પતિ રફીકભાઈ જુમાભાઈ બાલાપરીયા, સસરા જુમાભાઈ કરીમભાઈ બાલાપરીયા, ફઈજી સાસુ કુલસમબેન કરીમભાઈ બાલાપરીયા, કૌટુંબિક કાકાજી સસરા ચકુરભાઈ કરીમભાઈ બાલાપરીયા, કૌટુંબિક જેઠ અનીસભાઈ ભીખુભાઈ બાલાપરીયા તથા જેઠ અશરફભાઈ જુમાભાઈ બાલાપરીયા સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ, લગ્નજીવન દરમિયાન તેમને બે સંતાનો પણ છે. શરૂઆતના છ એક મહિના સુધી ઘર સંસાર સારી રીતે ચાલ્યો હતો ત્યારબાદ સાસરિયાઓની ચડામણી અને ઉશ્કેરણીના કારણે પતિ અવારનવાર પરિણીતા સાથે નાની-નાની વાતોમાં ઝઘડો કરી મારકૂટ કરતો હતો. સાસરી પક્ષના લોકો પરિણીતાને માનસિક અને શારીરિક રીતે હેરાન કરી પિયર જતા રહેવા માટે મજબૂર કરતા હતા. તા.૨૯/૧૦/૨૦૨૫ના રોજ સાસરિયાઓએ પરિણીતા સાથે ઉગ્ર માથાકૂટ કરી, ગાળાગાળી કરી તેમજ બેફામ માર માર્યો હતો. સાસરિયાઓએ પરિણીતા પર પિયરમાંથી વધુ દહેજ લાવવા માટે દબાણ કર્યું હતું અને આખરે તેને પહેરેલા કપડે ઘરમાંથી કાઢી મુકી હતી.

# ખાંભાના ખડાધાર ગામે કાળા સસલાના માંસના અવશેષો સાથે એકની ધરપકડ

અમરેલી,તા.૧૬



ખાંભા તાલુકાના ખડાધાર ગામમાં કાળા સસલાના શિકારનો મામલો સામે આવતા વન વિભાગે કડક કાર્યવાહી હાથ ધરી છે. મળેલી બાતમીના આધારે વન વિભાગની ટીમે ગામના એક શખ્સના ઘરે દરોડો પાડી તપાસ કરતાં ફ્રીજમાંથી જંગલી કાળા સસલાના અવશેષો મળી આવ્યા હતા. ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. વન વિભાગે ખડાધાર ગામના અરવિંદ ભગવાનભાઈ ચૌહાણના નિવાસસ્થાને તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન તેમના ફ્રીજમાંથી કાળા સસલાના અવશેષો મળી આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં અરવિંદ ચૌહાણે સસલાનો શિકાર કર્યાની કબૂલાત કરી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારબાદ વન વિભાગે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી. જપ્ત કરાયેલા માંસના નમૂનાઓ વધુ તપાસ અને વૈજ્ઞાનિક ચકાસણી માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે મોકલવામાં આવ્યા છે.

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.203/2026
જન્મ તારીખ : 01/06/1974

કુવરબેન જોધુભાઈ ગોહિલ,
રહે.શેઢાયા, ગામ-શેઢાયા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-શેઢાયા, તા. કોડીનારકોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કુવરબેન જોધુભાઈ ગોહિલ, રહે.શેઢાયા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જોધાભાઈ માલાભાઈ ગોહિલ તથા કુવરબેન જોધુભાઈ ગોહિલ, ના પુત્ર દીપસિંહ જોધાભાઈ ગોહિલનો જન્મ તારીખ.01/06/1974 ના રોજ કોડીનાર તાલુકાના શેઢાયા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# કોડીનારમાં ૫૬ ભોગ મનોરથ અને શ્રીનાથજીની ઝાંખી યોજાઈ

કોડીનાર,તા.૧૬

કોડીનારની શ્રી નવનીતપ્રિયાજીની હવેલી ખાતે બે દિવસીય ૫૬ ભોગ બડો મનોરથ તથા શ્રીનાથજીની અલૌકિક ઝાંખીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતુ. ૧૩ જૂને સાંજે પાણી દરવાજા પાસે સામૈયા અને રાત્રે ૯:૦૦ કલાકે બ્રહ્મપુરી ખાતે શ્રીનાથજીની ઝાંખી પ્રસ્તુત કરી હતી. જૂને હવેલી ખાતે સાંજે ૪:૦૦ થી ૭:૦૦ વાગ્યા સુધી ભક્તો ૫૬ ભોગના અલૌકિક દર્શન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

**મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયા**

**-: જાહેર નોટીસ :-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૩૮/૨૦૨૬

અરજદારશ્રી:- શ્રી બટુકભાઈ શામજીભાઈ બોરડ,
રે. તોરી, તા.વડીયા, જી.અમરેલી
એડ.શ્રી ભીખુભાઈ વોરા, મો.૯૯૭૮૫ ૮૩૬૩૨

**વિરૂધ્ધ**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી તોરી, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી બટુકભાઈ શામજીભાઈ બોરડએ તેમનો જન્મ તા.૦૧/૦૭/૧૯૬૧ ના રોજ મુ.તોરી, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૬/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**જાહેર સૂચના**

નીચે દર્શાવેલ સાબરમતી-બોટાદ અને શિહોર પાલીતાણા સેક્શન ના લિમિટેડ હાઈટ સબવે (LHS) તારીખ 21/06/2026 થી 15/10/2026 સુધી રોડ વપરાશકર્તાઓ માટે બંધ કરવામાં આવશે. ગયા ચોમાસા દરમિયાન નીચેના લિમિટેડ હાઈટ સબવે (LHS) માં પાણી ભરાઈ જવાની સમસ્યા જોવા મળી હતી અને નીચાણવાળા વિસ્તારને કારણે લિમિટેડ હાઈટ સબવે (LHS) વરસાદી પાણીમાં ડૂબી ગયા હતા. જેથી આ ચોમાસા દરમિયાન વાહનચાલકોની સલામતીને ધ્યાનમાં રાખતા નીચે દર્શાવેલ લિમિટેડ હાઈટ સબવે (LHS) તારીખ 21/06/2026 થી 15/10/2026 સુધી બંધ રહેશે જેની તમામ વાહનચાલકોએ નોંધ લેવી.

| ક્રમાંક | LHS નં. | ચેઈનેજ | વિભાગ |
|---|---|---|---|
| 1 | 33A1 | 27/6-7 | સરખેજ – મોરૈયા |
| 2 | 80A | 57/6-7 | બાવળા – ધોળકા |
| 3 | 86A | 60/0-1 | ધોળકા – ગોઠનેશ્વર |
| 4 | 87A1 | 60/9-61/0 | ધોળકા – ગોઠનેશ્વર |
| 5 | 99A1 | 72/4-5 | ગોઠનેશ્વર – કોઠ ગાંગડ |
| 6 | 100B | 75/1-2 | ગોઠનેશ્વર – કોઠ ગાંગડ |
| 7 | 115A | 97/1-2 | લોથલ ભૂરખિ – હડાલા ભાલ |
| 8 | 118C | 99/9-100/0 | લોથલ ભૂરખિ – હડાલા ભાલ |
| 9 | 119A1 | 100/6-7 | લોથલ ભૂરખિ – હડાલા ભાલ |
| 10 | 119E | 104/3-4 | હડાલા ભાલ – ધોળી (ભાલ) |
| 11 | 119L | 106/1-2 | હડાલા ભાલ – ધોળી (ભાલ) |
| 12 | 121F1 | 107/7-8 | હડાલા ભાલ – ધોળી (ભાલ) |
| 13 | 126B | 112/0-1 | ધોળી (ભાલ) – રાયકા |
| 14 | 129A2 | 115/4-5 | રાયકા – ધંધુકા |
| 15 | 130A1 | 117/9-118/0 | રાયકા – ધંધુકા |
| 16 | 130B | 120/5-6 | રાયકા – ધંધુકા |
| 17 | 137A | 124/2-3 | ધંધુકા – તગડી |
| 18 | 138B | 127/3-4 | ધંધુકા – તગડી |
| 19 | 139B | 128/9-129/0 | ધંધુકા – તગડી |
| 20 | 139C1 | 129/9-130/0 | ધંધુકા – તગડી |
| 21 | 4A | 3/5-6 | શિહોર – પાલિતાણા |

BVP 058

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**-// કુલ મુખત્યારનામુ ખોવાઈ ગયા સંબધેની જાહેર નોટીસ // -**

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ અશ્વિન એમ.પટેલ, લાગતા વળગતા સર્વે ને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છુ કે:

અમારી પાસેથી અમારા અસીલ શ્રી ગીતાબેન ધીરૂભાઈ વાઘ, રહે. વાંકીયા,તા.જી.અમરેલીવાળાની બાનાખત કરેલ મિલકત કે જેનુ વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ગામે સુધરાઈ હદમાં,ચકકરગઢ રોડ રસ્તે ''આનંદ નગર'' વિસ્તારમાં આવેલ રહેણાંક મિલકત, રે.સર્વે નં.૫૨૭ પૈકી, પ્લોટ નં.૭૬ & ૮૭/૧/૧, જેના ચો.મી. ૬૮– ૮૫, બાનાખત નોટરાઈઝ સીરીયલ નં.૮૩૯૨, તા.૨૭/૧૧/૨૦૨૫,

ઉપરોકત મિલ્કતનુ અમારા અસીલશ્રીએ ઉષાબેન હિંમતભાઈ સોળીયા, રહે.અમરેલીવાળા પાસેથી બાનાખત કરેલ છે અને તેમણે આ મિલકત ૧,નવલભાઈ બાબુભાઈ ધાનાણી વિગેરે-૭,પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૭૬૭, તા.૧૮/૪/૨૦૨૪ ના રોજ ખરીદ કરેલ છે.

આમ ઉપરોકત મિલકતના ઉતરોતર દસ્તાવેજોમાં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૪૪૫, તા.૨/૩/૧૯૯૮ નો વેચાણ દસ્તાવેજ લખી આપનાર (૧) નજીરએહમદ હુસેનરહેમાન કાદરી, (૨)નુરૂન્નીશા નજીરએહમદ કાદરી, (૩)અશરૂફુન્નીશા નજીરએહમદ કાદરી, (૪)હબીબરહેમાન નજીરએહમદ કાદરી,(૫)રફીકરહેમાન નજીરએહમદ કાદરી, (૬)મહમદહનીફ નજીરએહમદ કાદરી, વિગેરેના કુલમુખત્યાર હબીબરહેમાન નજીરએહમદ કાદરીએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ જે કુલમુખત્યારનામુ ઉષાબેન વા/ઓ હિમતભાઈ આણંદભાઈ સોળીયા તેમના ઘર અમરેલી આઈ.ટી.આઈ.ની સામે થી સીવીલ હોસ્પીટલ રોડથી મલય ઝેરોક્ષ તરફ જતા કયાંક પડી જતા ખોવાઈ ગયેલ છે જે અંગેની લેખિતમાં જાણ અમરેલી સીટી પોલીસ સ્ટેશને તા.૩૦/૫/૨૦૨૬ ના રોજ તેમણે કરેલ છે.

સબબ આ નોટીસથી સર્વે લાગતા વળગતા ને જણાવવાનુ કે, ઉપરોકત જણાવેલ મિલ્કત ઉપર અને સદરહુ દસ્તાવેજ અંગે કોઈનુ કોઈપણ પ્રકારનુ લેણ દેણ, હકક,હિત હિસ્સો, લાગભાગ, અગ્રહકક, ગીરો–બોજો, તારણ, ભાડુઆતી હકક હોય તો તેમણે નીચે સહી કરનારને નીચે દર્શાવેલ સરનામે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩(ત્રણ)મા લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી,જો તેમ નહી કરવામાં આવ્યેથી કોઈનુ કંઈ લેણ કે દેણ કે હકક,હિત,હિસ્સો,અગ્રહકક, ગીરો-બોજો, તારણ કે ભાડુઆતી હકક નથી અને હોય તો જતા(WAIVE) કરેલ છે.તેમ માની આ મિલ્કત અંગે અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યાર બાદ કોઈ પણ વ્યક્તિનો કોઈ પણ પ્રકારનો વાંધા કે તકરાર ધ્યાને લેવામા આવશે નહિ. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ: ૧૭/૬/૨૦૨૬

અશ્વિન એમ.પટેલ
એડવોકેટ એન્ડ નોટરી
આકાર કોમ્પલેક્ષ, પ્રથમ માળ, નાગનાથ મહાદેવ બસ સ્ટોપની બાજુમાં,
સરકારી ગર્લ્સ હાઈ સ્કૂલ પાસે, અમરેલી.

**જાહેર નોટીસ**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં.૧૫૯/૨૦૨૬
મરણ તારીખ : ૦૫/૦૬/૧૯૯૫

શ્રી સાજીદભાઈ ઈકબાલભાઈ ચૌહાણ,
રહે.વડાલા વિસ્તાર,ઉના,ગામ-ઉના, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, બી.જી.રાઠોડ અને જે.બી.પરમાર, ઉના ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, ઉના,
નગરપાલિકા,ઉના,તાલુકો-ઉના, જિલ્લો-ગીરસોમનાથ ..........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી સાજીદભાઈ ઈકબાલભાઈ ચૌહાણ, રહે. વડાલા વિસ્તાર, ઉના, ગામ-ઉના, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના માતા સ્વ.સાબેરાબેન ઈકબાલભાઈ ચૌહાણનું મરણ તારીખ:૦૫/૦૬/૧૯૯૫ ના રોજ ઉના તાલુકાના ઉના ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે.

આ અરજી સાથે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૫, માહે:જુન, સને ૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

**-::જાહેર નોટીસ::-**

આથી લાગતા વળગતા તમામ આસામીઓને જાણ કરવાની કે,

અમરેલી જીલ્લાનાં સાવરકુંડલા તાલુકાનાં મોજે ખોડીયાણા ગામના ગામ નમુના નંબર ૮-અ ના ખાતા નં.૪૫૬ થી નોંધાયેલ રે.સ.નં. ૧૦૩/ પૈકી ૧ ની જુની શરત સત્તા પ્રકારની જરાયત ખેડવાણ જમીન કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧-૧૪-૩૨, જેનો મહેસુલી કુલ આકાર રૂા. ૨.૦૦ પૈસા છે, તે વણજારા રવજીભાઈ હરજીભાઈની સુવાંગ માલિકી તથા કબજા ભોગવટાની ચાલી આવેલ છે. સદર મિલ્કત તેઓ પાસેથી ખરીદ કરવા અમારા અસીલ પરશોતમભાઈ ભાવાભાઈ ઉંધાડ ઈરાદો ધરાવે છે. સબબ, આથી લાગતા વળગતા તમામ આસામીઓને જાણ કરવાની કે,

સદરહું મિલ્કત પરત્વે કે તેના ટાઈટલ ડીડઝ પરત્વે કે માલીકી હકક સંબંધે કોઈનો કાંઈપણ પ્રકારનો વાંધો તકરાર હોઈ કે અગ્ર હકક હોય, કોઈનો કાંઈપણ પ્રકારનો ભાગ, લાગ હકક, હીત, હીસ્સો, દર કે દાવો હોઈ કે કોઈનું કાંઈપણ પ્રકારનું લેણું, કરજ, ગીરો કે બોજો હોઈ કે કોઈના વારસાઈ કે ખોરાકી પોષાકીનાં હકકો હોઈ કે સદરહું મિલ્કતના અમારા અસીલ સાથે થતાં વેચાણના વ્યવહારો સંબંધે કોઈને કાંઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોઈ તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૭ ની અંદર નીચે લખ્યા સરનામે અમોને લેખિત આધાર પુરાવા સહિત જણાવવું, મુદત વિત્યે સદરહુ મિલ્કત ખરીદ કરવા અંગેની આગળની કાયદેસરની કાર્યવાહી અમારા અસીલ કરશે અને તે બાદ કોઈના વાંધા તકરાર હશે તો તેવા તમામ વાંધા તકરાર જતાં (WAIVE) થયા ગણાશે અને તે અમારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા થશે નહી. જેની આથી લાગતા વળગતા તમામ આસામીઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સાવરકુંડલા,
સરનામું :-
ગોપાલભાઈ જે. વિરાણી(એડવોકેટ)
સરનામું:ઓફિસ નં.૧, ગણેશ કોમ્પલેક્ષ,
મામલતદાર કચેરી સામે,સાવરકુંડલા-૩૬૩૫૧૫,
મો:૯૪૨૯૨૨૧૩૦૫/૯૧૦૪૮૩૬૬૫૮

તારીખ :૧૭/૦૬/૨૦૨૬
ગોપાલભાઈ જે. વિરાણી
(એડવોકેટ)

અમારી સુચનાથી :-
રવજીભાઈ હરજીભાઈ વણજારા

### વતન જવા નિકળેલા યુવકને રસ્તામાં જ સિંહનો ભેટો થઈ જતા ફાડી ખાધો

# કોવાયા નજીક સિંહના હુમલામાં યુવકનું મોત

**શરીરના અવશેષો મળતા સમગ્ર પંથકમાં ભય અને અરેરાટીનો માહોલ**



અમરેલી,તા.૧૬

રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક હચમચાવી મૂકે તેવી ઘટના સામે આવી છે. સિંહના ઘાતકી હુમલામાં એક પરપ્રાંતીય યુવકનું મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં ભય અને અરેરાટીનો માહોલ છવાઈ ગયો છે. આ ઘટનાએ સ્થાનિક લોકોમાં ચિંતા વધારી છે, જ્યારે વન વિભાગે પણ સમગ્ર મામલાને ગંભીરતાથી લઈને તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી છે.મળતી માહિતી અનુસાર, મૃતક યુવકની ઓળખ પ્રકાશ ચંદ્ર તરીકે થઈ છે. તે મૂળ ઉત્તરાખંડના પિથૌરાગઢનો રહેવાસી હતો અને કોવાયા નજીક આવેલી એક હોટલ-રેસ્ટોરન્ટમાં કામ કરતો હતો. તે હોટલ નજીક જ રહેતો હતો. મોડી રાત્રે પોતાના વતન જવા માટે નીકળેલા પ્રકાશ ચંદ્ર પર ગામની બહાર અંધારામાં બેઠેલા સિંહે અચાનક હુમલો કર્યો હતો. હુમલો એટલો ભયાનક હતો કે સિંહ તેને ઢસડીને નજીકની ઝાડીઓમાં લઈ ગયો અને ત્યાં તેનું શરીર ગંભીર રીતે ફાડી નાખ્યું હતું. સવારે સ્થાનિક લોકોને ઘટનાની જાણ થતાં તેઓ સ્થળ પર પહોંચ્યા હતા. ત્યાં યુવકના શરીરના માત્ર કેટલાક અવશેષો જ મળી આવ્યા હતા. આ દૃશ્ય જોઈ લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ રાજુલા રેન્જનો વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તપાસ શરૂ કરવામાં આવી હતી. આ ઘટનાએ સમગ્ર કોવાયા અને આસપાસના વિસ્તારમાં ભારે ભયનું વાતાવરણ સર્જ્યું છે. સ્થાનિક લોકો દ્વારા વન વિભાગ પાસે સુરક્ષાના વધુ અસરકારક પગલાં ભરવાની માંગ ઉઠી રહી છે. બીજી તરફ, વન વિભાગે લોકોને સાવચેત રહેવા અને રાત્રિના સમયે એકલા બહાર ન નીકળવા અપીલ કરી છે.


**કોવાયાના સરપંચે રોષ વ્યક્ત કર્યો**

કોવાયા ગામ નજીક બનેલી દુ:ખદ ઘટનાને લઈને ગામના સરપંચ ઝીણાભાઈ લાખણોત્રાએ ભારે રોષ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે મૃતક યુવક પરપ્રાંતીય હતો અને સ્થાનિક રેસ્ટોરન્ટમાં કામ કરતો હતો. સાંજના સમયે વન્ય પ્રાણીઓ તેને ખેંચીને લઈ ગયા હતા, જેના કારણે તેનું કરુણ મોત થયું હતું. સરપંચે જણાવ્યું કે અગાઉ ભાકોદર વિસ્તારમાં પણ આવી ઘટના બની ચૂકી છે. તેમણે રાજ્ય સરકાર અને વન મંત્રીને અપીલ કરી છે કે સ્થાનિક સ્તરે વધુ ટ્રેકર્સની ભરતી કરવામાં આવે અને સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવે. સાથે જ પીડિત પરિવારને તાત્કાલિક આર્થિક સહાય આપવામાં આવે તેવી માંગ પણ કરી છે.

**બે સિંહ પાંજરે પુરાયા, અન્યની શોધખોળ ચાલુ**

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વન વિભાગે વિશેષ કાર્યવાહી હાથ ધરી છે. ડીસીએફ ચિરાગ અમીનના માર્ગદર્શન હેઠળ પાલીતાણા શેત્રુંજી ડિવિઝનના એસીસીએફ વિરલસિંહ ચાવડા, આરએફઓ અને અન્ય અધિકારીઓનો મોટો કાફલો ઘટનાસ્થળે તહેનાત કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં બે સિંહોને પાંજરે પુરવામાં આવ્યા છે, જ્યારે અન્ય સિંહોને પકડવા માટેની કામગીરી ચાલુ છે.વન વિભાગ દ્વારા પકડાયેલા સિંહોની તબીબી તપાસ કરવામાં આવશે. જે સિંહે હુમલો કર્યો હોવાની શક્યતા હશે તેના નમૂનાઓ એકત્ર કરીને વૈજ્ઞાનિક તપાસ હાથ ધરવામાં આવશે. તપાસના આધારે જ હુમલો કરનાર સિંહની ચોક્કસ ઓળખ થઈ શકશે.

# ‘ટેટ’ પરીક્ષાને લઈ હવે શિક્ષકો રાજયભરમાં આંદોલન કરશે




અમદાવાદ,તા.૧૬

રાજ્યમાં ખેડૂતોના આંદોલન બાદ હવે શિક્ષકો પણ પોતાના પ્રશ્નોને લઈને વિરોધના માર્ગે ઉતર્યા છે.

અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને વિવિધ શિક્ષક સંગઠનોએ આવતીકાલથી ૨૦ જૂન સુધી રાજ્યના તમામ જિલ્લાઓમાં ધરણા પ્રદર્શન અને આવેદનપત્ર આપવાના કાર્યક્રમોની જાહેરાત કરી છે. સુપ્રીમ કોર્ટે તમામ શિક્ષકો માટે TET પરીક્ષા પાસ કરવી ફરજિયાત હોવાનો નિર્ણય આપ્યા બાદ શિક્ષક સંગઠનોમાં અસંતોષ ફેલાયો છે. શિક્ષકોની મુખ્ય માંગ ૨૦૧૦ પહેલાં ભરતી થયેલા શિક્ષકોને TET પરીક્ષામાંથી મુક્તિ આપવાની છે. આ મુદ્દે શિક્ષક સંઘો દ્વારા જિલ્લા કક્ષાએ વિરોધ નોંધાવવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શિક્ષક મંડળ અને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ આવતીકાલે કલેક્ટર કચેરી ખાતે ધરણા યોજીને આવેદનપત્ર આપશે. જ્યારે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ ૨૦ જૂને ત્રણ કલાકના ધરણા બાદ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી પોતાની માંગણીઓ રજૂ કરશે. શિક્ષકોના આંદોલનને કારણે રાજ્યભરમાં શૈક્ષણિક માહોલમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.


# રાજકોટમાં પારિવારિક વિખવાદમાં જમાઈએ નાના સસરાની હત્યા કરી



રાજકોટ,તા.૧૬

રાજકોટના વિમલનગરમાં પારિવારિક વિખવાદને કારણે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં જમાઈ વિવેક ગોસ્વામીએ તેના નાના સસરા પ્રવીણભાઈ શાહની છરીના આડેધડ ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી દીધી છે. આરોપીની પત્ની દિયાએ પ્રેમલગ્ન કર્યા બાદ પારિવારિક મતભેદોને કારણે પતિ સાથેનો સંપર્ક તોડી નાખ્યો હતો. વિવેકને શંકા હતી કે દિયા તેના નાનાના ઘરે છુપાયેલી છે, જેથી તે ૧૪ જૂનની મોડી રાત્રે ત્યાં પહોંચ્યો હતો. દિયા ત્યાં ન મળતા ઉગ્ર બોલાચાલી થઈ હતી, જેમાં વિવેકે ઉશ્કેરાઈને પ્રવીણભાઈ અને તેમના પત્ની ઈલાબેન પર જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં પ્રવીણભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે ગંભીર રીતે ઘાયલ ઈલાબેનને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. યુનિવર્સિટી પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરીને આરોપી જમાઈની ધરપકડ કરી લીધી છે.

# રાજયમાં ચોમાસાના મોડા આગમનને લઈ જગતનો તાત ચિંતામાં ગરકાવ



રાજકોટ,તા.૧૬

ગુજરાતમાં સામાન્ય રીતે ૧૫ જૂન આસપાસ ચોમાસાનું આગમન થઈ જાય છે અને ૩૦ જૂન સુધીમાં સમગ્ર રાજ્ય વરસાદી માહોલમાં આવી જાય છે. જોકે, આ વર્ષે ૧૫ જૂન વીતી ગયા બાદ પણ રાજ્યમાં સત્તાવાર રીતે ચોમાસું પ્રવેશ્યું નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન ચોમાસું તેલંગાણા, ઓડિશા, ઝારખંડ અને બિહાર તરફ આગળ વધશે. મહારાષ્ટ્ર સંપૂર્ણપણે આવરી લીધા બાદ જ ગુજરાતમાં ચોમાસાની એન્ટ્રી થવાની સંભાવના છે. ચોમાસાના આગમનમાં થઈ રહેલા વિલંબને કારણે ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. વાવણીની તૈયારીઓ પૂર્ણ હોવા છતાં વરસાદ ન પડતા ખેતીકારો આકાશ તરફ મીટ માંડીને બેઠા છે. બીજી તરફ અલ નીનોની અસરને કારણે પણ ચોમાસા અંગે અનિશ્ચિતતા વધી છે. ભારતીય હવામાન વિભાગે સામાન્ય કરતાં ઓછા વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. જોકે, છેલ્લા ચાર વર્ષથી ગુજરાતમાં સારું ચોમાસું નોંધાતું આવ્યું હોવાથી ખેડૂતોને હજુ પણ સારા વરસાદની આશા છે.

